

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# SHRI ATMANAND PRAKASH





પૂ. ગુરુદેવ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ

[ જેમની પ્રથમ સ્વર્ગવાસ-જયંતિ સ્થળે સ્થળે ઉજવવામાં આવેલ ]

પ્રકાશકઃ-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૩
અંક ૪ થો

કારતક
સં૦ ૨૦૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


૧. યોગી અને યોગ ... ... ... ... ... ... (પાદરાકર) ૪૯
૨. અંતરીક્ષ પાર્શ્વનાથ સ્તવન ... ... ... ... ... ... ... ૫૦
૩. જૈન શાસનમાં ભાગવતી દીક્ષાનું સ્થાન ... (આ. શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મ.) ૫૧
૪. દીપોત્સવીનું પર્વ ... ... .... ...(શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર') ૫૪
૫. કૌશામ્બીની રાણી મૃગાવતી ... ... ... (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૫૬
૬. શાંતિ ... ... ... ... ... ... (અમરચંદ માવજી શાહ) ૫૯
૭. વર્તમાન–સમાચાર ... ... ... ... ... ... ... ... ૬૨
૮ સ્વીકાર–સમાલોચના ... ... ... ... ... ... ... ... ૬૨


## નવા થયેલા લાઈફ મેમ્બરોના નામ

| | | | |
|---|---|---|---|
| શેઠ જેઠમલ ઝવેરચંદ | મંડલેરી | વોરા જયસુખલાલ અમુલખભાઇ | રાજપર |
| શેઠ ભીખનચંદ રામપુરી | કલકત્તા | શેઠ કનુભાઇ શાન્તિલાલ | દેત્રોજ |
| શેઠ ચીમનલાલ જેઠાલાલ | મુંબઈ | વોરા શશીકાન્ત ચુનીલાલ | ભાવનગર |
| શેઠ નાનચંદ જુઠાભાઇ | મુંબઇ | | |

## અગત્યની સૂચના

સં. ૨૦૧૨ ની સાલનું જૈન પંચાંગ શ્રી ઊંઝા ફાર્મસી તરફથી માસિકના આ અંકમાં સામેલ કરવામાં આવેલ છે, જે સંભાળી લેવા માસિકના ગ્રાહકોને વિનંતી છે.

---

## શ્રી કથારત્નકોષ (ભાષાંતર દ્વિતીય ભાગ.)

### કર્તા—શ્રી દેવભદ્રાચાર્ય મહારાજ.

જેમાં સમ્યક્ત્વના તેત્રીશ સામાન્ય ગુણો, પંચ અણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણોનું સુંદર–સરલ નિરૂપણુ તથા વર્ણન, તેને લગતી પ્રાસંગિક, મૌલિક, અનુપમ નહિં જાણેલી, સાંભળેલી, વાંચેલી, નવીન પચાસ કથાઓ, અન્ય અનેક અંતર કથાઓ અને સત્પુરુષોના માર્ગો, ઋતુ, ઉપવન, રાજ્ય લક્ષણો, સામુદ્રિક તેમ જ વ્યવહારિક, સામાજિક, રાજકીય અને નૈતિક વગેરે અનેક વિષયો દેવ, ગુરુ, ધર્મ, જિનપૂજા વગેરેના સ્વરૂપો અને વિધાનોનું વર્ણન વગેરે અનેક વિષયો આવેલા છે. પ્રથમ ભાગમાં સમ્યક્ત્વના વીશ ગુણોનું વર્ણન આપવામાં આવ્યું છે., આ બીજા ભાગમાં બાકીના તેર સમ્યક્ત્વના અને સત્તર પંચ અણુવ્રતના મળી કુલ ત્રીશ ગુણોનું કથાઓ સહિત વર્ણન આપવામાં આવ્યું છે. સારા કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોથી **આ સભાના માનવંતા પેટ્રન સાહેબો, લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે ભેટ આપવા** આ ગ્રંથ છપાય છે. સુમારે ચાલીસ ફોર્મ ઉપરાંત ક્રાઉન આઠ પેજી લગભગ ચારસો પૃષ્ઠમાં તૈયાર થશે. **નવા થનારા પેટ્રન સાહેબો તથા લાઈફ મેમ્બરોને પણ ભેટ આપવામાં આવશે,** કિંમત સુમારે રૂા. નવ થશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વીર સં. ૨૪૮૨ — કારતક — પુસ્તક ૫૩ મું.
વિક્રમ સં. ૨૦૧૨ — અંક ૪ થો

## યોગી અને યોગ

(હોરી)

અદ્ભુત જોગ જગાવો, યોગી અલખ લખાવો. અદ્ભુત,
ત્યાગ ભભૂતિ તન–મન ચોળી, યોગ જટાને ધરાવો !
શુદ્ધ પ્રેમની મસ્તી મહાબળ, ચિત્ત ચંચળતા હઠાવો !
શાંતિ સંયમ મન લાવો ! અદ્ભુત.

સત્સંગ મુદ્રા, શીલ લંગોટી, કુંડલ ક્રિયા કહાવો !
સત્ય ગ્રહણ ઇચ્છાની ઝોળી, વ્રત ચીપીયો કર રહાવો !
પ્રભુ તન્મય–તન તાવો ! અદ્ભુત.

સ્વાર્પણ–તપ–સિદ્ધિ આસનની, શમન સહજ ઠરાવો ?
દૃઢ સંકલ્પની પવન પાવડી, બ્રહ્માકાશ ઉડાવો !
તુંહિ–તુંહિ નાદ ગજાઓ ! અદ્ભુત.

આત્મજ્ઞાનનો શંખ બજાવી, અભેદ પ્રભુથી થાઓ !
મન–પવન–માયા વશ કરતાં, જીત નિશાન ચઢાવો !
અનાહત તાન બજાઓ ! અદ્ભુત.

દેહ દેવળમાં પ્રકટ પ્રભુ, નિજ રૂપ સ્વયં દરશાઓ !
દેહ છતાં દેહાતીત બનતાં, જીવન જીવત મર જાઓ !
જીવતાં અમર કહાવો ! અદ્ભુત.

કંઠી ધારણા, ધ્યાનનો ગાંજો, હૃદય શિલાએ ઘુંટાવો !
ગુરુગમ જળ, ગુરુસેવા સાફી, સંયમ ચલમ ફુંકાવો !
બ્રહ્મ સમાધિ ચઢાવો ! અદ્ભુત.

પરમ પ્રેમ આત્માનંદ રસનો, પરમ બ્રહ્મ લય લાવો !
અલખ અલખ ઉચ્ચાર પરા–પશ્યંતિ લક્ષે લખાવો !
વાણીથી પર શું કહાવો ? અદ્ભુત.

નેતિ કથી નિજમાંહિ સમાવો, સાચી કમાણી કમાઓ !
ત્યાગ–ગ્રહણ, જીવ–શિવ કશુ ના, આપો–આપ સુહાવો !
અમર મણિમય બની જાઓ ! અદ્ભુત.

—પાદરાકર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ–સ્તવન

## ( ભાગ પહેલો )

( ચાલ–મન ડોલે–નાગીન )

મન નાચે મારું મન નાચે મારું હૃદય કરે પોકાર રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં ૧

દેવગુરુ ને ધર્મને વંદી તીરથના ગુણ ગાઉં,
શ્રી અંતરીક્ષ પાર્શ્વપ્રભુનું ગીત હું વિરચાઉં, લોકો ગીત હું વિરચાઉં
ઇતિહાસ સુણાવું કર્મ ખપાવું, મારા ભાંગશે સઘળા દુઃખ રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં ૨

મૂર્તિ અતિ પ્રાચીન આ ઇતિહાસ એનો અનોખો,
મહામયી છે ચમત્કારી ભક્તિભરે એને નિરખો, લોકો ભક્તિભરે એનો નિરખો,
ચમત્કાર જોવા, શિવસુખ લેવા, તમે આવો સઘળા દૂર રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં ૩

એલગપુરનો ભૂપતિજી નામે એલગરાય,
રોમેરોમ કીડા એના નિદ્રા પળભર ના આય, લોકો નિદ્રા પળભર ના આય,
ઝાબલું દીઠું, પાણી પીધું, એના ભાગ્યા સઘળા દુઃખ રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં ૪

પટરાણીને વાત કહેતા રાજા હરખે ના માય,
કંચન જેવું મુખડું નિરખો રાણી ફુલી ન સમાય, પ્રભુજી રાણી ફુલી ન સમાય,
ઝટપટ છોડે, જળને ખોળે, એનું જાગ્યું મોટું ભાગ્ય રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં ૫

સ્વપ્નમહીં દેવ આવે, રાજાને સમજાવે,
એગલપુરના રાજા સુણજે કહું છું, આજે ભાવે રાજા કહું છું આજે ભાવે,
પાણી પીધું જયાં પ્રભુજી વસે ત્યાં તને મળશે પ્રતિમા સાર જે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં ૬

આજના જાયા વાછરડાં તું જોતરજે ગાડાને,
પુંઠ વાળીને જોઇશ મા, તું પાછું ઝાકીને, રાજા પાછું ઝાકીને,
પ્રતિમા આવશે, ગાડામાં બેસશે, તારા સરશે સઘળા દુઃખ રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં ૭

ધરણેંદ્રના વચનો માની, રાજા ગાડું લાવ્યો,
જ્યોતિર્મયી પ્રતિમા નિરખી, રાજા હરખે ન માયો, પ્રભુજી રાજા હરખે ન માયો,
સન્દેહ આવે, પાછું જોવે, મૂર્તિ અંદર રહી જાય રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં ૮

અંતરીક્ષમાં પ્રતિમા એવી, સ્વાર ભોંયથી એક જાય,
એવી અજબ મૂર્તિ નિરખી, નામ અંતરીક્ષજી અપાય, પ્રભુજી નામ અંતરીક્ષજી અપાય,
મન્દિર બાંધે, કર્મ ખપાવે, પણ રાજાનું ગર્વ જાય રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં ૯

ગુરુવચનો સુણી પંચોએ, મંદિર બીજું બાંધ્યું,
અઠ્ઠમનાં કાજે 'અભયદેવસૂરિએ,' પ્રતિષ્ઠાનું જસ લીધું, પ્રભુજી પ્રતિષ્ઠાનું જસ લીધું,
સિદ્ધ થયા, પ્રભુવીર આવ્યા, શ્રીપુરનગરમાય રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં ૧૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન શાસનમાં ભાગવતી દીક્ષાનું સ્થાન

લેખક—પૂજ્ય જૈનાચાર્ય શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજ—બિજાપુર (કર્ણાટક)

જૈન દર્શન જગતમાં ઊંચામાં ઊંચું આત્મદર્શન છે. તેથી જ એ ખરેખરું આસ્તિક દર્શન છે. કર્મના બંધનમાં ઝકડાયેલા આત્માની મુક્તિ શી રીતે થાય? તે જ એમાં ઉપદેશવામાં આવ્યું છે અને તે જ હેતુથી આત્મા બંધનમાં શી રીતે ફસાયો છે, તથા નવાં નવાં બંધનોથી શી રીતે બચે તેમ જ જૂનાં બંધનોથી શી રીતે છૂટે એ બધી જ હકીકતો યથાસ્થિત છણીને પરમપદપ્રાપ્તિ સુધીની સઘળી જ પ્રક્રિયાઓ આ દર્શનમાં બતાવવામાં આવી છે. ભૌતિક પદાર્થો ઉપરના રાગ વિગેરે દોષોથી પ્રત્યેક આત્માનું શુદ્ધ સ્વરૂપ જે બગડયું છે, તે તેના ત્યાગ વિગેરે ગુણકારી જીવનથી જ સુધરે, આ એક મૌલિક હકીકત જો હૃદયથી સમજવામાં આવે તો ભાગવતી દીક્ષાનું મહા૦ ઉપકારી સ્થાન કોઇનાથી પણ નકારી શકાશે નહિ.

સંસારમાં અનેકવિધ યોનીઓમાં જીવનાં જન્મ મરણ થાય છે, પશુ વિગેરે અન્ય કોઇ એવી યોની નથી, કે જેમાં આ ત્યાગની સાધના સંપૂર્ણ શકય હોય, સિવાય એક મનુષ્ય યોની. આ મનુષ્ય યોનીમાં પણ જીવના અનેક વખત અવતાર થઇ ગયા હોય છે, છતાં ત્યાગની ઇષ્ટ સાધના તો કોઇ વિરલ અવતારમાં જ શકય બને છે. મોહ, માયાના અનાદિ સંસ્કારોનું જોર તૂટ્યા વિના જીવને ત્યાગ જીવન સાચી રીતે સાંપડતું નથી, એ માટે જ સુખના કામી મનુષ્યોએ મુમુક્ષુભાવે પોતાના આ મોંઘા જીવનમાં છેક બચપણથી મરણ પર્યંત ત્યાગી જીવનનો પ્રયોગાત્મક અભ્યાસ પાડવો એ પણ ઘણું જરૂરી હિતાવહ છે. યોગ્યતાપૂર્ણ આ સુંદર સ્વાર્પણ યજ્ઞમાં રૂકાવટ ન હોય કિન્તુ સહાનુભૂતિ જ હોય.

આત્મા–પરમાત્મા–આ જન્મ–પુનર્જન્મ–આ લોક–પરલોક–સંસાર–મોક્ષ વિગેરે માનનાર દુનિયાનો કોઇ ધર્મ, કોઇ સમાજ, કોઇ રાષ્ટ્ર, કે કોઈ ધર્મ ગ્રંથ એવો નથી કે જેમાં ત્યાગની મહત્તા માનવામાં ન આવી હોય. જે મનુષ્યો સંસારમાં રહીને પણ સ્વાર્થ ત્યાગપૂર્વક સેવાપરાયણ બને છે, તે આ દેશમાં કે પરદેશમાં સર્વત્ર પૂજાય છે, આ એક હકીકત છે, તો પછી જેઓ પોતાની શિશુવયમાંથી સર્વ ત્યાગનો પાઠ સ્વીકારી મહાસેવાપરાયણ બને છે, તેના તરફ સુગ રાખવી એ અધૂરી સમજનું પરિણામ છે, દીક્ષા જનતાને સર્વ ત્યાગનો પાઠ આપે છે, અને એનાથી મનુષ્યનું જીવન ઉન્નત બની જગતના દરિદ્રનારાયણાદિ સર્વ પ્રાણીગણની મહાસેવામાં દીક્ષિત પોતાના સમસ્ત જીવનને અર્પણ કરી દે છે. એના ભવ્ય માર્ગમાં અંતરાય કરવાનું દુઃસાહસ, જેઓ પોતાને સભ્ય–સુધરેલા અને સુશિક્ષિત ગણાવે છે, તેમનાથી હરગીજ થઇ શકે નહિ, એમ અમારું નિશ્ચિત માનવું છે.

જૈન ધર્મમાં સંસાર ત્યાગની દીક્ષા આઠથી સિત્તેર વર્ષની ઉમ્મર સુધી ગ્રહણ કરી શકાય છે, એમાં જેને તેને મુંડી સાધુ બનાવી દેવામાં આવતા નથી. તે નીચે રાખવામાં આપેલી સાવચેતી ઉપરથી જોઇ શકાશે.

## દીક્ષા કોને આપી શકાય?

જૈન શાસ્ત્રોનું એ ફરમાન છે કે જે (૧) આર્ય દેશમાં જન્મેલો હોય, (૨) વિશિષ્ટ અનિંદ્ય જાતિ, કુળસંપન્ન હોય, (૩) ખૂન–ચોરી આદિ દુષ્ટ કર્મી ન હોય, (૪) ઠગ બુદ્ધિ ન હોય, (૫) 'સંસાર કેવલ જન્મ, જરા, મરણાદિક વિવિધ દુઃખોથી ભરેલો છે,' એમ જાણનારો હોય (૬) એથી જ સંસારના રંગરાગાદિક ભોગસુખોથી પણ ઉભગેલો વૈરાગ્યવાન હોય, (૭) શાંત પ્રકૃતિવાળો હોય, (૮) ઝઘડાખોર ન હોય, (૯) વફાદાર હોય, (૧૦) નમ્ર હોય, (૧૧) રાજવિરોધી ન હોય, (૧૨) સમાજ–રાષ્ટ્રના વિશાળ હિતને બાધાકારી ન હોય, (૧૩) ખોડ–ખાંપણવાળો ન હોય, (૧૪) ત્યાગ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મની સચોટ શ્રદ્ધાવાળો હોય, (૧૫) પ્રતિજ્ઞાપાલન કરવામાં અડગ હોય, (૧૬) અને આત્માનો મોક્ષ કરવાના હેતુથી ચારિત્ર લેવા માટે ખડો થયો હોય, તેને જ દીક્ષા આપી શકાય છે.

જૈન શાસ્ત્રકારોએ પુરુષનો સોલ વર્ષની ઉમ્મર પછી સ્વતન્ત્ર અધિકાર માન્ય રાખેલો છે, તો પણ તે પુરુષે પોતાની પાછળ પોતાના આધારે જીવતાં કુટુંબીઓની આજીવિકાની યોગ્ય વ્યવસ્થા કરેલી હોવી જોઇએ. તેમજ તેના માથે કોઇનું ઋણ બાકી હોવું ન જોઇએ. તેવા યોગ્ય ઉમેદવારને દીક્ષા આપવામાં સાધુને ચોરીનો દોષ લાગતો નથી. આઠથી સોલ વર્ષ સુધીનો પુરુષ તેના વાલીની સંમતિ વિના દીક્ષાગ્રહણ કરી શકતો નથી, અને જો સાધુ તેવાને દીક્ષા આપે તો તેને ચોરીનો દોષ લાગે છે, જેથી તેઓ આપતા પણ નથી જ્યારે સ્ત્રીથી તો તે જેના તાબામાં હોય તેની અનુમતિ મેળવીને જ દીક્ષા લઇ શકાય છે, અને સગર્ભા કે લાલવત્સા હોય તો તે એ સંયોગોમાં પણ લઇ શકાતી નથી. આથી સ્પષ્ટ સમજી શકાશે કે જૈન દીક્ષા એ ઇતર બાવાઓ આદિની જેમ કોઇ ઉઠાવગિરિની ચીજ નથી.

## દીક્ષામાં શું કરવાનુ હોય છે?

આવી દીક્ષામાં આવનારને મફતના માલ મલીદા ઉડાડવાના કે સમાજને ભારભૂત જીવન જીવવાનું હોતું નથી. કિન્તુ સખ્ત સાધના કરવાની હોય છે, કોઇ પણ જીવની માનસિક હિંસા પણ એનાથી કરી–કરાવી કે અનુમોદી શકાતી નથી, એવી જ રીતે અસત્યનો, ચોરીનો, સ્ત્રીસંગનો, પરિગ્રહસંગ્રહનો એણે સંપૂર્ણ ત્યાગ કરવાનો હોય છે. પોતાની જાત ઉપર પણ ચાહે તેવું કષ્ટ આવે તે સહન કરવાનું હોય છે, વિજાતીય સ્પર્શ પણ ન થાય તેવું નવવાડે શુદ્ધ બ્રહ્મચર્ય પાળવાનું હોય છે, પૈસાને અડવાનું પણ હોતું નથી, રાત્રિભોજનનો પણ સંપૂર્ણ ત્યાગ કરવાનો હોય છે, ગાડી, મોટર, પ્લેન, સ્ટીમર, હાથી, ઘોડા એ કશાની સ્વારી કરી શકાતી નથી, ઉઘાડા પગે ઉઘાડા માથે પગપાળા વિહાર કરવાના હોય છે, ગાદી તકીયા કે પથારીઓ વાપરી શકાતી નથી. ભૂમિ ઉપર સંથારા પાથરી સુવાનું હોય છે, હજામત કરાવાતી નથી, મસ્તકના કેશ કે દાઢી મૂછના વાળ હાથે કાઢવાના હોય છે, ગમે તેવી ભૂખ તરસમાં ઝાડ–પાન કે તેનાં ફલ-ફૂલ તથા કૂવા, તલાવ, નદી કે નળ વિગેરેનાં પાણીનો ઉપભોગ કરી શકાતો નથી, કડકડતી થંડીમાં અગ્નિ વિગેરેને તાપવાનું પણ હોતું નથી, ગરમીમાં પંખા–હિચકા આદિનો પવન પણ ખવાતો નથી, છત્રી પણ રખાતી નથી, એકેંદ્રિય જીવોને દુઃખ ન થાય એ માટે કાચી માટી આદિને આંગળી પણ અડાડાતી નથી, સ્નાન–દંતધાવન કે સેન્ટ લવન્ડર તેલ વિગેરેનાં એશઆરામ કંઇ જ કરાતું નથી, પગમાં બૂટ વિગેરે પણ નખાતા નથી.

આ દીક્ષામાં તો હાલવા–ચાલવા, બેસવા-ઉઠવા, ખાવા–પીવા બોલવા કરવામાં જ ખુબ જ સંયમ પાળવાનો હોય છે, જીવદયાના હેતુ માટે જ ઓઘો મુહપત્તિ અને બીજાં પરિમિત વસ્ત્ર પાત્ર ( તે પણ કાષ્ઠનાં ) સ્વીકારવાનાં હોય છે, ગૃહસ્થને ત્યાં તેઓને માટે જ થયેલી રસોઇમાંથી થોડી થોડી શુદ્ધ ભિક્ષા ગ્રહણ કરવાની હોય છે, તે માટે તેમનો કશોયે બલાત્કાર હોતો નથી, સ્વેચ્છાથી આપે તો લેવાનું હોય છે. મધ, માંસ, માખણ, મદિરા, કંદમૂળ વિગેરે અભક્ષ્ય અપેયનો તો સદંતર ત્યાગ જ કરવાનો હોય છે, દહીં, દૂધ, ઘી તેલ મિષ્ટાન્ન આદિ ભક્ષ્ય પદાર્થોના રસસ્વાદનો પણ ઘણો ત્યાગ કરવાનો હોય છે, છઠ્ઠ, અઠ્ઠમ, ઉપવાસ, આયંબીલ, એકાસણુ આદિ તપશ્ચર્યા નિરંતર કરવાની હોય છે, ઉગ્ર કે અસભ્ય ભાષણ કરાતું નથી, શાસ્ત્રોનો અભ્યાસ કરવાનો હોય છે, બાલ, વૃદ્ધ, ગ્લાન–માંદા આદિ સૌની સેવા કરવાની હોય છે, ગુર્વાદિકોની આજ્ઞામાં રહેવાનું હોય છે, મંત્ર–તંત્ર–દોરા–ધાગા–કામણ–ટુંમણ–ભાવ–તાલ–આદિ કશા જ અવળા ચાળા કરી શકાતા નથી, ફક્ત તત્ત્વ ચિંતવન અને તત્ત્વ ધર્મની જ વાત કરવાની હોય છે, પરિષહ–ઉપસર્ગ સમભાવે સહન કરવાના હોય છે, રાજા–પ્રજા–રાજ્ય–રાષ્ટ્ર–વિશ્વ–પ્રાણી માત્રનું ભલું ચાહવાનું હોય છે, કોઇની હાંસી–ઠઠ્ઠા–મશ્કરી કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિન્દા વિગેરે વાત–વિકથા કરાતી નથી, નિદ્રા પ્રમાદ વધારે ન થઇ જાય તેની સતત સાવચેતી રાખવાની હોય છે, ઉભય ટંક પ્રતિક્રમણ–પડિલેહણ–સ્વાધ્યાય ચૈત્યાદિ વંદન–પ્રત્યાખ્યાન તથા સૂક્ષ્મ બારીક સ્ખલનાનું પણ પ્રાયશ્ચિત્ત, ક્ષમા–દયા આદિ સદ્ગુણોનું પરિવર્ધન હંમેશ ઉપયોગપૂર્વક કરવાનું હોય છે. આમાં કોઇને લાલચ થાય કે કોઇની ઉપર શીરજોરી થાય એવા કોઇ જ સંયોગો નથી, એ દિવા જેવું દેખાઈ આવશે.

## કુલાચારથી સુલભ સંસ્કાર.

જૈન દીક્ષામાં નાના કે મોટા કોઇને પણ બદઇરાદાથી કિંવા તેમનું જીવન ખરાબ થાય તે માટે દીક્ષાઓ અપાતી નથી. જૈન કુલમાં જન્મેલા નાનાં બચ્ચાંઓને પણ આ દીક્ષાની કલ્યાણકારિતાની તથા તેમાં પાળવાના ત્યાગ કરણીની જન્મસિદ્ધ સમજદારી હોય જ છે. જૈન ગૃહસ્થ જીવનમાં પણ નાની ઉમરથી લગભગ ધરે ધરે સામાયક–પ્રતિક્રમણ–પૌષધ–ઉપવાસાદિક તપશ્ચર્યા–શાસ્ત્ર–શ્રવણ–અભ્યાસ–સાધુ–સત્સંગ–શ્રમણસેવા–ભક્તિ–રાત્રિભોજન–કંદમૂલાદિ અભક્ષ્ય ત્યાગ–વ્યસનબંધી–અહિંસાદિક વ્રત–નિયમ–બ્રહ્મચર્ય પાલન–વિવિધ અભિગ્રહ–પચ્ચક્ખાણ–ઉપધાન વિગેરે ધાર્મિક દ્રષ્ટિના આચારવિચાર નિરંતર એવા સેવાતા હોય છે કે સાધુ જીવનની તાલીમ તેઓને સ્વાભાવિક મલી જાય છે. આથી બીજાઓની માફક તેઓને સાધુ જીવનની કઠોર ચર્યા કઠોર રૂપે ભાસતી નથી. અને જેઓને પૂર્વ જન્મના કોઇક સારા સંસ્કાર જન્મે છે, તેઓને જ સાધુ–જીવનની દીક્ષા અંગીકાર કરવાના કોડ જાગે છે. બીજાઓને તે થતા પણ નથી. આવી દીક્ષાઓ કેવી ધામધુમથી પ્રભાવનાપૂર્ણ લેવાય છે તે તો આજ કાલનો ઇતિહાસ પણ પ્રગટ કહી આપે છે. સંસારના વાયરા ખાઇને આવેલાઓ કરતાં તેનાથી અલિપ્ત રહેલા નાની ઉમ્મરનાઓની દીક્ષા સારી સફળ નીવડે છે, એની કોઇનાથી ના પડાય તેમ નથી. આજ કારણથી જૈન શાસ્ત્રકારોએ જૈન શાસનની હયાતી ટકાવી રાખવા માટે બાલદીક્ષા ઉપર ખૂબ જ ભાર મૂક્યો છે, જે જે યુગપ્રધાન અને મહાસમર્થ પ્રભાવક આચાર્યાદિ મુનિવરો ભૂતકાળમાં થઈ ગયા છે. તેમાંનો મોટો ભાગ બાલદીક્ષિતોનો છે. તે વાતની આજે પણ ઇતિહાસ સાક્ષી પૂરે છે. આવી અગત્યની દીક્ષાઓને કાયદાની એક કલમે રૂંધવી તે જૈન શાસનની પ્રગતિને રૂંધવા બરાબર છે, એ કહી ભૂલવું ન જોઇએ.

હા, એ સાચું છે કે આ દીક્ષાની પ્રતિજ્ઞા જીવન પર્યંત પાળવાની હોય છે. સમયના વહેવા સાથે કોઇક ન પાળી શકે તો એથી લૌકિક દૃષ્ટિએ એનું જીવનધોરણ બગડી જતું નથી. તે સંસારમાં પાછો જાય છે. ત્યાં એની લાયકાત મુજબ સામાજિક દરજ્જો પણ પ્રાપ્ત કરી શકે છે, એવા કોઇ દાખલા ભૂતકાળના અને હાલના પણ પ્રત્યક્ષ જોઇ શકાય છે. આયુષ્ય જ્યારે ચંચલ છે અને આજનો સગીર કાલે પુખ્ત ઉમરનો સજ્ઞાન સુધી જીવશે કે નહિ? એની ખાત્રી નથી ત્યારે ખાસ કરીને મનુષ્યને પોતાના આત્માનો ઉત્કર્ષ સાધવા માટેની આ શાસ્ત્ર આજ્ઞા સિદ્ધ સાધના કોઇ પણ યોગ્ય ઉમરમાં અંગીકાર કરવાનો પવિત્ર હક્ક અબાધિત જ રહેવો જોઇએ.

## આત્મસુધારણાનો મહાપંથ.

એ યાદ રાખવું જોઇએ કે જૈન દીક્ષાની પ્રતિજ્ઞા સંસારમાં આત્માનો મોક્ષ સાધવા માટે છે. સંસારના ભોગો વિગેરેના રાગ વિગેરેથી આત્માને સંસારવર્ધક કર્મો બંધાય છે તે તેના ત્યાગ વિના અટકી શકતાં નથી અને તપશ્ચર્યા વિના દૂર થઇ શકતાં નથી. આ કાંઇ એક જન્મમાં બની જતું નથી. મોહ માયાના અનાદિ સંસ્કારોને જડમૂળથી ઉખેડવા માટે કેઇ ભવોના અભ્યાસની આવશ્યકતા રહે છે. બાલક જેમ ચાલતાં પડે તો પણ એથી એના ચાલવાનો કે ચઢવાનો અભ્યાસ છોડાવી શકાય નહિ તેમ વ્યક્તિગત કોઇક સ્ખલનાઓ કોઇકમાં આવી જાય કે દેખાઇ જાય તો પણ તેથી આત્મસુધારણનો આ મહાપંથ અને તે પંથે વારંવાર ચાલવા ચઢવાનો અભ્યાસ જરાયે ભુલો પાડી શકાય નહિ કે ડામી શકાય નહિ.

જૈન જીવનના આ માનસ ઉપરથી શ્રી **ભાગવતી દીક્ષાની** અનિવાર્યતા સૌકોઇની સદ્બુદ્ધિમાં સારી રીતે ઉતરે એ જ શુભ મનોકામના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દીપોત્સવીનું પર્વ

( લેખક—**સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ,–માલેગામ** )

મનુષ્યનો સ્વભાવ જ એવો હોય છે કે એને ઉત્સવ, સમારંભ કે કુતૂહલ ગમે છે. પોતાનો ઉલ્લાસ પ્રગટ કરવા માટે એ નાચે છે. ગાય છે. પોતાનો નિવાસ શણગારે છે. પોતે પોતાના શરીરને પણ શણગારે છે. સુવર્ણ, રૌપ્ય, રત્નાદિથી અલંકારો નિપજાવી પોતે ધારણ કરે છે. પોતાના ઇષ્ટ સ્વજનોને તેડી તેમની સાથે અનેક મિષ્ટાનો આરોગે છે. અંધારું એને ગમતું નથી, તેથી દીપોત્સવ કરે છે. અનેક દીપકો પ્રગટાવી કલાત્મક રીતે તેની ગોઠવણ કરી પોતાની ચાતુરી પ્રગટ કરે છે. આનંદ ઉલ્લાસ એ પ્રત્યક્ષ પ્રગટ રીતે દેખાડવા માટે એવા એવા અનેક માર્ગો માનવે શોધી કાઢ્યા છે.

માનવદેહ એ નશ્વર વસ્તુ છે. એ દેહ એક દિવસે નષ્ટ થવાનો જ છે. એ વસ્તુસ્થિતિ છે સામાન્ય રીતે પાકટ ઉમરે કોઈ કૃતકાર્ય થઇ મૃત્યુને શરણ થાય છે ત્યારે પણ દુઃખગર્ભિત સમાધાન પ્રગટ કરવા માટે માનવો અનેક ધર્મકાર્યો કરી કે અન્ય રૂપમાં સહભોજનાદિ કાર્યો કરી મૃત્યુ પામેલા માટે પોતાનો આદર બતાવી આનંદ માને છે. આ વસ્તુ તો સામાન્ય સભ્ય અને સજ્જન માણસ માટેની થાય છે. એની પાછળનો જન્મ જરા મૃત્યુનો અનુક્રમ તો ચાલુ જ હોય છે કોઇ દાનશૂર પરાક્રમાં કે પરોપકારી મનુષ્ય જ્યારે મૃત્યુવશ થાય છે, ત્યારે તેની કીર્તિનું ક્ષેત્ર મોટું થઇ જાય છે અને એના માટેનો શોક વ્યાપક હોવાથી એનું ગૌરવ કરવાનું ક્ષેત્ર સાર્વત્રિક થઇ જાય છે. આટલું છતાં જન્મ મરણના ફેરા તો એના ચાલુ જ રહે છે.

પ્રભુ મહાવીર જેવા મહાન્ પુરુષોની સ્થિતિ તદ્દન જૂદી જ હોય છે. પ્રભુ મહાવીરે અનંત જન્મોની સાધના ચાલુ રાખી છેવટે મૃત્યુંજયની સાધના પૂરી કરી હતી. તેમણે જન્મ મૃત્યુના ફેરાનો અંત લાવેલો હોવાને લીધે તેમની રખડપટીનો પણ અંત આવેલો હતો. પ્રત્યક્ષ તેમના મૃત્યુનો જ મૃત્યુ થઇ ગએલો હોવાને લીધે તેમને મૃત્યુનો ભય રાખવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થવાનો સંભવ નહીં હતો. તેમણે છેલ્લું જ શરીર ધારણ કરેલું હતું. ફરી વાર તેમને શરીરના પાંજરામાં કોઇ પૂરી શકે તેમ ન હતું. શરીરના પાંજરામાં આત્માને બંદીવાન બનાવી તેનો છલ ચાલુ રાખી તેને ભ્રમણ ચક્રમાં ગોંધી રાખનારા કર્મોનો તેમણે અંત કર્યો હતો. એકેક કર્મને આમંત્રણ આપી તેનું દેવું ચુકવી નાખવાનો તેમણે કૃત નિશ્ચય જ કરેલો હતો. એકાદ વેપારી પોતાની પેઢી સંકેલી લેવાના પ્રસંગે લેણદારોને બોલાવી તેમનો હિસાબ ચૂકવી પોતે નિશ્ચિંત થઇ શાંતિ મેળવે તેવો પ્રસંગ પ્રભુ મહાવીરે પ્રાપ્ત કરેલો હતો. તેમને તાલાવેલી જ લાગેલી હતી કે હવે મારે બંધનોનો અંત લાવવો છે. એવો એમણે નિશ્ચય કરેલો હતો. એકાદ સામાન્ય મનુષ્ય પણ પોતાની બધી જ ઉપાધિઓથી છૂટો થાય છે ત્યારે નિશ્ચિંત અને સમાધાન અનુભવે છે ત્યારે મહાવીર પ્રભુ જેવા પરમ આત્માને પોતાના અનંત કાળના બંધનકર્તા કર્મરિપુઓથી કાયમને માટે મુક્તિ મળી હોય ત્યારે જે આનંદ થાય છે તેનો અમૃતરસ તો ચાખે તે જ જાણે. બીજાઓ તો મ્હોં વકાસી જોતા જ રહે. પ્રભુ મહાવીર જ્યારે સત્, ચિત્ અને આનંદનો પ્રત્યક્ષ અનુભવ કરવાની અણી ઉપર આવી ઊભા રહ્યા અને એમનું ચરમ શરીર પણ છોડવાનો મહામંગલકારી અનોખો પ્રસંગ આવી ઊભો રહ્યો છે એ વસ્તુ જાણી ગયા ત્યારે તેમના આત્માની પરમસ્થિતિનો ઉત્સવ ઉજવવાનો હોય તેવા પ્રસંગે પોતાના અનન્ય અને પરમ ભક્ત ગણધર ગૌતમને ખેદ થવાનો સંભવ તેઓ કળી ગયા હતા. અને આવા પરમ મંગલ પ્રસંગે કોઇ ખેદ કરે એ એમને પસંદ ન હતું. સામાન્ય દેહાભિમુખ માનવો અશાંતિ અનુભવે કે કરે એ વસ્તુ જુદી હતી, પણ પ્રભુના આત્મભિમુખ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવા મહામાનવ ગણધર ભગવંત જ્યારે સામાન્ય માનવની પેઠે ખેદ કરે એ દૃશ્ય સામાન્ય જનતા માટે અત્યંત દુઃખદાયક થવાનો એમને સંભવ જણાયો અને આર્તધ્યાન જેવા દોષોના ભાજન કોઈ ન થાય એવા કટુકર્તવ્યનો વિચાર પ્રભુને સૂઝયો હોવો જોઇએ. અને તેથી જ પોતાના પરમ ભક્ત શ્રી ગૌતમસ્વામીને એ અદ્‌ભુત પ્રસંગે અન્યત્ર મોકલી આપ્યો. કારણ એમને આત્માની સાચી દીવાળીનો અનુભવ કરી લોકોને પણ સાચી દીપોત્સવી સમજાવવાની હતી.

પ્રભુએ છેલ્લી વાગ્ધારાનો અમૃત વર્ષાવ કરતા કરતા એ શરીરનો બંધ તોડી નાખ્યો હતો. એ બંધ તૂટતાની સાથે જ આ અવનીતલમાં ભાવ પ્રકાશનો લોપ થઇ ગયો. અંધકારનું સામ્રાજ્ય પથરાઇ ગયું. તિથિ પણ અમાવાસ્યાની જ હતી, રજનીકાંત એવો ચંદ્રમા પણ દિવાકર એવા પ્રકાશપતિ સૂર્યની છાયામાં છુપાઇ ગયો. જાણે પોતે ઝંપાપાત કરી લુપ્ત થઇ ગયો હોય તેમ નષ્ટભ્રષ્ટ થઇ ગયો. તે કાળી રાત્રીમાં તે શીતલ પ્રકાશ પુંજ જ્યારે મ્હોં છુપાવી ચાલ્યો ગયો ત્યારે આગિયા જેવા તુચ્છ તારલાઓએ ભેગા મળી પોતાનું પરાક્રમ અજમાવવાનો પ્રયત્ન કરવા માંડ્યો. પણ જ્યાં દિશારાજ નભોમણી જ અસ્ત થયો હોય અને શીતલ રશ્મી વેરનો રજનીવલ્લભ પણ દીન વદન કરી મ્હોં ઢાંકી લ્યે ત્યાં ખદ્યોતોનું ગજું શું હોય? દેવતાઓને ખબર પહોંચી ગઇ. ઇંદ્રમહારાજાએ નૃત્ય, આનંદ અને વિલાસ બંધ કરી દીધા. દોડાદોડ ચાલી. પ્રભુના મોક્ષ કલ્યાણકનો મહોત્સવ ઉજવવાની ઘોષણા થઇ. દેવદેવીઓનો ભીડ જામી. આકાશમાં મોટો સમૂહ ભેગો થયો. જ્યાં જુઓ ત્યાં જય જય નંદાનો જય જયારવ થવા માંડ્યો. જ્યારે દેવતાઓ પોતે જ દિવ્ય પ્રકાશમય હોય ત્યારે તેમને દીવા પ્રગટાવવાની શી જરૂર? જ્યાં જુઓ ત્યાં પ્રકાશ જ પથરાઇ રહ્યો. બધા જ આનંદમાં મસ્ત થઇ પ્રભુના મોક્ષ કલ્યાણકના મહોત્સવમાં સામેલ થયા.

આ તો બધો દિવ્ય શરીરધારી સ્વર્ગમાં રહેનારા દેવતાઓ અને દેવાંગનાઓનો ઉત્સવ હતો. પણ આ પૃથ્વીતલ ઉપર વસનારા પામર પ્રાણિઓ એવો ઉત્સવ શી રીતે ઉજવી શકે? એમની પાસે દિવ્ય શરીરો કયાંથી હોય? દેવતાની પેઠે એમને પણ ઉત્સવ કરવાની તાલાવેલી લાગી. પોતાની પાસે જે સામગ્રી હોય તેથી જ ઉત્સવ કરે ને? જનતાએ પણ એ પરમાત્માની સિદ્ધિનો ઉત્સવ પોતાની શક્તિને અનુસરી કરવાનો નિશ્ચય કર્યો. જનતા જાણે ગાંડીઘેલી થઇ ગઇ. પોતાની પાસે જે જે સામગ્રી હતી તેનો જ ઉપયોગ કરવાનું ઠરાવ્યું. રાત્ર હોય ત્યારે ઉત્સવનું પ્રથમ સાધન દીવાનું જ હોય. અનેક દીપકો પ્રગટ થવા માંડ્યા. દરેક મકાન દીવાઓના સમૂહથી ઝગમગી ઉઠયું. ઓટલા, અટારીઓના ખૂણે ખૂણામાં દીપમાળાઓ પ્રગટી. ચોકમાં ગલીઓમાં પણ દીવા પ્રગટાવવાની જાણે હોડ લાગી હોય તેમ દરેક જણ દીવા પ્રગટાવવામાં હું સહુથી વધી જઉં એવી અહમહમિકા શરૂ થઇ. આકાશમાં દેવતાઓના આગમનથી પ્રગટ થએલા પ્રકાશને પણ આપણે વટાવી જઇએ એવી આકાંક્ષા જનતામાં પ્રગટી. ચંદ્રસૂર્યના અભાવમાં લોકોએ પોતાની શક્તિને અનુસરી દીપકોના રૂપથી પોતાનો ઉલ્લાસ અને આનંદ પ્રગટાવ્યો. ધન્ય તે દિવસ! ધન્ય તે પ્રસંગ! ધન્ય તે જનતા! કે જેમણે એ અનેરો પ્રસંગ અનુભવ્યો અને ઉજવ્યો. એની પરંપરા દર આશ્વિન વદિ ૦) ના દિવસે સ્મરણમાં જાગૃત થાય અને એ પ્રસંગની સ્મૃતિ અખંડ રીતે અત્યાર સુધી ચાલુ રહે એ સ્વાભાવિક છે. દીવાળી એ જ કહેવાય!

એ પુણ્ય પુરુષના અદ્‌ભુત અને મનોરમ ચરિત્ર આ દીવાળીના નિમિત્તે આપણી આગળ ખડા થાય અને અલ્પ પણ આત્મસિદ્ધિ આપણા જીવનમાં પ્રગટે એ જ દીવાળીનો લાભ હોઇ શકે! બાકી તો દીવાળી આવી અને ગઇ એમ જ આપણે ચાલીએ છીએ: આપણા જીવનમાં પણ એક દિવસે એ દીવાળી જેવો આવે અને આત્માની દીવાળી ઉજવાય એ દિશામાં આપણા પગલાં પડતા રહે એવી ઇચ્છા પ્રગટ કરી વિરમીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કૌશામ્બાની રાણી મૃગાવતી

(૨)

( પુસ્તક ૫૨–અંક ૧૧ થી ચાલુ )

**દંપતી વચ્ચેનો વાર્તાલાપ—**

આ તે કોઇ માનવ છે કે સીંગડા ને પૂંછડા વગરનો આખલો ? પોતાની પાસે જે વિપુલ સેના અને અદ્ભૂત શક્તિવંત અનિલવેગ નામા ગજ રત્ન છે એના બળવડે ગર્વાંધ બની કેવી માંગણી એ કરી રહ્યો છે ? એની માંગણીમાં માનવતાનું દેવાળું નીકળી રહ્યું છે એનું પણ એને ભાન નથી ! સગાઇ સંબંધ તો જાણે એને મન કંઇ હિસાબમાં નથી ! આવો વાત પત્રમાં લખી મોકલતાં એનો હાથ કેમ કંપ્યો નહીં ? હાથમાંથી એની કલમ કેમ સરી પડી નહીં ?

આવાસના એકાંત કમરાની અટારીમાં આંટા મારી રહેલ, અને ઉપર મુજબ અસ્ફુટ ઉદ્ગારોને મુખમાંથી વહેતાં મૂકી રહેલ, રાજવી સામે અચાનક એક લાવણ્યમયી, રૂપમાં સ્વર્ગની અપ્સરાને પણ શરમાવી દે એવી, નમણી લલનાએ પગલા પાડયા. તેણીને જોતાં જ રાજવીની ગતિ સ્થંભી ગઇ અને બોલાઇ ગયું.

અરે ! તું અહીં એકાએક કયાંથી ફુટી નિકળી ?

શું મ્હારા માટે પણ આપની પાસે આવતાં પહેલાં પરવાનગી મેળવવાની અગત્ય છે ? કદાચ આપની રાજયપોથીમાં એવો કાનૂન હોય તો એનો હું આપની હાજરીમાં જ ભંગ કરું છું. જેના કરકમળમાં માતાપિતાની સાક્ષીએ મારા હસ્તની સોંપણી થઇ છે અને પ્રતિજ્ઞાથી જેમના સુખદુઃખમાં સમાન હિસ્સેદાર બનવા હું બંધાયેલી છું એવી અર્ધાંગીને આજ્ઞાના બંધન ન હોઇ શકે. કદાચ સામ્રાજયશાહીના સોણલા સેવતાં રાજવીઓના દરબારમાં એ ચાલુ હોય તો પણ એનો અમલ એક મહાન્ ગણતંત્રના નાયકની પુત્રી માટે સર્વથા અસંભવિત છે, કારણ કે એવા બંધનના શિક્ષાસૂત્રો, જયાં બાલ્યકાળના વર્ષો વ્યતીત થયા છે એ પ્રદેશમાં જોવાના તો નથી મળ્યા, પણ કાને સાંભળવાની તક પણ નથી સાંપડી. વ્યક્તિત્વને છાજે, સત્ત્વશાળીને શોભે તેવા સ્વતંત્ર વાતાવરણમાં મારો ઉછેર થયો છે અને માનવતાને ઓપ ચઢાવે, આત્મશ્રેયનો પંથ ચક્ષુ સામે સદાયે સતેજ રાખે એવા ધર્મ–નીતિના પાઠ માત–પિતાના અવર્ણનીય વાત્સલ્યથી મને શિખવા મળ્યા છે.

અરે ! આ તો ભારે કરી નાંખી ત્હેં ! ‘ રાઇનો પહાડ સર્જાવી દીધો ’ ! અને એમાંયે કેવી ઉંડી તત્ત્વજ્ઞાનની ચર્ચા ! પેલા કામાંધનો આ પત્ર આવ્યો નહોત તો, મને ત્હારામાં છુપાયેલી આ જાતની જ્ઞાન–ગંગામાં સ્નાન કરવાનું ન જ લાધત. લગ્નગ્રંથીથી આપણે ઉભય જોડાયા પછી, સાચી પ્રીતિને શોભે, એવા માનવોચિત સુખો માણવામાં ત્હેં કે મ્હેં પાછું વાળીને જોયું નથી. જાત જાતની કળા-કેળિઓ અને શૃંગાર રસથી ભરપૂર વિલાસોમાં આપણા વર્ષો પાણીના વહેવા સમ પસાર થઇ ગયા છે. ત્હારામાં રહેલી નારીજાતિસુલભ કળાઓથી એમાં હજુ ઓટ નથી આવ્યો. ભલેને નીતિકારો, સમયના માપે માપી આપણને નવયુવાનોની નામાવલિમાંથી છેકી નાંખી, પ્રૌઢોની કક્ષામાં મૂકી દે. કહેવાનું તો એ છે કે એ રસિકતાની ઉછળતી છોળો વેળા ત્હારા મુખારવિંદમાંથી વાણીરૂપી અમૃત ઝરણાં તો ઘણીયે વાર ઝર્યા છે પણ આજે જે શબ્દો સાંભળ્યા એ તો ખરેખર નવીન અને અનોખા જ છે.

સ્વામી ! મને ‘ કીડીમાંથી કુંજર બનાવી દેવારૂપ ’ ઠપકાનો સૂર સંભળાવતાં તમોએ પણ ગતકાલીન શૃંગાર રસના વર્ણનમાં કમીના નથી રાખી, આપણને એ પ્રકારના સંભારણા હવે ન શોભે. જવા દો એ વાત. કહો તો ખરા કયા કામાંધનો પત્ર છે અને એમાં શું લખ્યું છે ?

પૂર્વે અવંતીના દરબારમાં આપણે રાજવી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંડપ્રદ્યોતને, મૃગાવતીના સુંદર ચિત્રને નિરખતો જોઇ ગયા. એ પછી પોતાની ઇચ્છા બર આણવા, રાજવીએ, કૌશામ્બીપતિ શતાનીક ઉપર, મૃગાવતીને પોતાને સોંપી દેવાની માંગણી કરતો એક પત્ર લખ્યો. એના મનમાં હતું કે ખાનગી રીતે કામ સરી જતું હોય તો શા સારૂ લડાઇને નોતરવી. પત્રમાં એ કામ પાર પાડવાથી કૌશામ્બીપતિને થવાના લાભની પણ વાત આલેખેલી હતી જ. આમાં આશ્ચર્ય જેવું કંઇ જ નથી. શામ, દામ, ભેદ અને દંડ એ રાજનીતિના ચાર પ્રકારો ગણાતા. ધન ધાન્યથી વિપુળ એવા એ કાળમાં–જમીન, જોરુ અને જર એ ત્રણ વસ્તુઓ માટે યુદ્ધો ખેલાતા. ખાંડાના ખેલ ટાણે ક્ષત્રિયો સગાઇ–સંબંધ પણ ભૂલી જતા. એક રીતે જોઇએ તો માંગણી કરનાર ચંડપ્રદ્યોત એ શતાનીકનો મોટો સાઢુભાઇ હતો; છતાં એણે આ પત્ર લખી પોતાનામાં રહેલી કુવાસના પ્રગટ કરી હતી.

વૈશાલીના મહારાજા ચેટક એ ભગવંત **શ્રી મહાવીરદેવ**ના મામા થાય. ત્રિશળા રાણી, તેમની સગી બ્હેન થાય. લચ્છી અને વજ્જી વંશના ક્ષત્રિયોમાં ભગવંત **શ્રી પાર્શ્વનાથ**ની ઉપાસના ચાલી આવતી હતી. જૈનધર્મના ઉમદા અને ઉદાર સંસ્કારથી આ સામંતો સામ્રાજ્યશાહી પદ્ધતિથી વિરુદ્ધ હતા અને પોતાના રાજ્યોમાં ગણતંત્ર ધરાવતા. એવા અઢાર સમૂહ–રાજ્યોના નાયક પદે યાને આજની ભાષામાં કહીયે તો પ્રમુખસ્થાને **ચેટકરાજ** યાને '**ચેડા મહારાજા**' હતા. સ્વતંત્ર દશાનો અનુભવ કરનાર આ રાજ્યની પ્રત્યેક વ્યક્તિ–ચાહે તો નર કે નારી–પોતાની પસંદગી મુજબ જીવન જીવી શકતી. ચેટકરાજને સાત પુત્રીઓ હતી. એક પુત્ર હતો એવી પણ નોંધ ઉપલબ્ધ થાય છે. સાતે પુત્રીઓની વયમાં ઝાઝું અંતર ન હોવાથી, અરસપરસ સુમેળ સારો હતો. એક બીજાના હૃદયની વાતો વિના અટકે થતી. મા–બાપે પણ સતી નારીને શોભે તેવા સંસ્કારો આપી, તે સર્વને પોતાના સંસારસાથીઓની પસંદગી કરવાની પૂરી છૂટ આપી હતી. એ રીતે મોટી દીકરી **પ્રભાવતી** સિંધુ–સૌવીર દેશના રાજવી ઉદયન સાથે, **જયેષ્ટા** સિદ્ધાર્થ રાજાના પુત્ર નંદીવર્ધન સાથે, **શિવા** અવંતીનાથ ચંડપ્રદ્યોત સાથે, **પદ્માવતી** ચંપાપતિ દધિવાહન ભૂપ સાથે, **મૃગાવતી** કૌશામ્બીના સ્વામી શતાનીક સાથે લગ્નગ્રંથીથી જોડાઇ હતી. **સુજયેષ્ટા**-ની પસંદગી મગધના સ્વામી શ્રેણિક ઉપર ઉતરી હતી. એ વેળા વૈશાલી અને મગધ વચ્ચે વેર ચાલતું હતું. આમ છતાં પ્રેમી એવા શ્રેણિકનું આગમન બુદ્ધિનિધાન અભયકુમારની ગોઠવણથી વૈશાલીના ઉદ્યાનમાં થયું અને નાની **ચેલણા** સાથમાં ન હોત તો એ રાજગૃહી પહોંચી પણ જાત. પણ વિધાતાને એ લગ્ન મંજૂર નહોતું. સુજયેષ્ટાના શીરે સાધ્વી જીવનનો લેખ આલેખાયેલો એટલે જુદું જ બન્યું. ચેલણાને થાપ આપવાના નિમિત્તે એ ઘરેણાનો કરંડીયો લેવાના બ્હાને પાછી વળી. સુજયેષ્ટા અને ચેલણાના ચહેરામાં સવિશેષ મળતાપણું હોવાથી અને શત્રુના ઘરમાં વધુ સમય ન રોકાવાની મંત્રીશ્વરની ખાસ સૂચના હોવાથી, ચેલણાને **સુજયેષ્ટા** માની રથ ઉપર લઇ, સુરંગ માર્ગે મગધેશ્વર ચાલી નીકળ્યો. પ્રેમમાં નાશીપાસ બનેલી સુજયેષ્ટાએ પોકાર ઉઠાવ્યો કે **ચેલણાને** હરી જવાય છે. ત્યાં તો સુરંગના દ્વાર ઉપર ચેડા મહારાજા ખડા થઇ ગયા. એમના અમોઘ બાણે, નાગસારથી અને સુલસાના બત્રીશે સંતાનોના એકી સાથે પ્રાણ હરી લીધા. પણ એથી તો સુરંગમાં પ્રવેશી મગધેશ્વરની પૂંઠ પકડવાનો ઇરાદો વિલંબમાં પડયો.સાંકડા માર્ગે આગળની કૂચ થંભાવી અને એ રીતે મગધનો સ્વામી સહીસલામત વૈશાલીની હદ ઓળંગી ગયા.

ઉપર વર્ણવેલી અટારી એ કૌશામ્બીપતિના મહેલના એક આવાસની હતી. આંટા મારનાર રાજવી શતાનીક પોતે હતો. અવંતીના સ્વામીનો પત્ર વાંચ્યા પછી એ ભારે વિચારમાં પડી ગયો હતો અને અહીં એકાંત પસંદ કરી શું જવાબ આપવો તેના મણકા મેલી રહ્યો હતો. ત્યાં પગલા પાડનાર લલના અન્ય કોઇ નહીં પણ રાજવીની પ્રેયસી, ચેટકતનયા મૃગાવતી પોતે હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્હાલી, એ હસવા જેવી વાત છે. એ જાણવામાં કાંઇ સાર નથી.

સ્વામિન્! કદાચ સાર ન પણ હોય છતાં કહેવાથી તમારી ચિંતા તો ટળશે. ચહેરા પર આવેલી રતાશ તો ઓસરી જશે.

નીતિકારો કહી ગયા છે કે-' ઘુવડ દિવસે દેખતું નથી, અને કાગડો રાત્રે જોઇ શકતો નથી; પણ કામાંધ માણસ તો દિવસ ને રાત અર્થાત્ ચોવીશે કલાક આંધળો છે.' એનો અંધાપો દૂર કરવાનું કાર્ય વિધાતાના હાથમાં મૂકી, સમજુએ તો ચેતતા રહેવાનું છે.

પ્રિયા, વાત તો એમ છે કે ત્હારી બ્હેન શિવાના સ્વામીનાથ, ત્હારા બનેવી, અને મારા સાઢુભાઇ **ચંડપ્રદ્યોતજીને** તારી જરૂર પડી છે. પત્રમાં લખે છે કે ત્હારા રૂપ-લાવણ્યથી અને તે પણ માત્ર ચિત્રમાં જોવાથી એ એવા મોહિત થઇ ગયા છે કે, ત્હારા વિના પસાર થતી એક ઘડી, એમને એક માસ સમ લાગે છે. મને રાજીખુશીથી ત્હને સોંપી દેવા આગ્રહ કરે છે. બદલામાં મારી જમીન-જાગીરની માંગણી સંતોષવા તૈયારી જણાવે છે. અંતમાં જણાવે છે કે કાર્યસિદ્ધિ કળથી નહીં ઉકલે તો બળથી પણ ઉકેલવાનો પ્રદ્યોતરાજનો નિશ્ચય છે.

શતાનીક નૃપ આ રીતે પત્રનો ભાવ કહી સંભળાવી રાણીના ચહેરા સામું એકી ટશે જોઇ રહ્યો. પણ ત્યાં રંચ માત્ર વિકાર ન જણાયો. આગમન ટાણે, અને વાર્તાલાપ વેળા જેવો હસમુખો અને દીપ્તીમંત ચહેરો હતો, તેવો જ અત્યારે પણ જણાયો. એ જોઇ રાજવીથી બોલ્યા વિના ન રહેવાયું-

અરે, હરકોઇ નારીનું રક્ત ઉકળી જાય એવી વાત સાંભળ્યા છતાં ત્હને ગુસ્સો નથી આવતો ? મને તો લાગ્યું કે આવા કડવા વેણ ત્હારા કર્ણપટ પર અથડાતાં જ તું વાઘણની માફક છંછેડાઇ ઉઠીશ. ભલેને ભગિનીનો ભરથાર રહ્યો, છતાં તિરસ્કાર વરસાવીશ.

વ્હાલા સ્વામી! નારી એ તો શક્તિનો અવતાર છે. એના ખોળામાં ઉછરનારા આત્માઓ ઉપર એ શા સારુ તિરસ્કાર વર્ષાવે ? માતાનું હૃદય વાત્સલ્યથી સદા ભરેલું હોય છે. એમાંથી ઉભરો બહાર ન આવે. કડવા વેણ અને આકરા કષ્ટો એ ગળી જવા સર્જાયેલી છે. એની આબરૂ ઉપર હાથ નાંખનાર કદી પણ ફાવ્યો નથી અને ફાવશે પણ નહીં.

પતિવ્રતાપણું અને સતીત્વ જેને સમજાયા છે એને માટે મેં કહ્યો એવો ઉપરનો ખાસ ધર્મ છે. કુશિલા માટે મારે કહેવાપણું ન જ હોય. એટલે તો કહેવાય છે કે-' નારી રહે તો આપથી, અને જાય તો સગા બાપથી.' અથવા તો ' સ્ત્રીચરિત્ર ' જ્યાં દેવો જાણી શકતા નથી ત્યાં પુરુષની શી તાકાત સંભવે ? સતીઓ શબ્દ કરતાં કાર્યમાં માનનારી હોય છે. ઘણુંખરું શાપ દે નહીં અને દે તો ફળ્યા વિના રહે નહીં.

ખોટું ન લગાડશો, નાથ! પણ મારે ભાર મૂકીને કહેવું જોઇએ કે તમો ક્ષત્રિવટના ખોટા ઘેનમાં, નથી જોતાં સ્નેહસંબંધ કે નથી જોતાં માનવતા. અહંભાવને પોષવા ઝટ શસ્ત્રો ખખડાવી મેલો છો. એથી પ્રજાની હાનિ અને વેપાર-વણજને નુકશાન, તેમજ પ્રાણીસૃષ્ટિનો સંહાર કેવી ખાના-ખરાબી નોતરે છે તેનો વિચાર સરખો કરતા નથી. ચંડપ્રદ્યોતે મારી માગણી કરી એ તમોને ડંખે છે અને કોઇપણ સ્વમાની પુરુષને ડંખવી જોઇએ, પણ એ જ ન્યાયે તમો ચંપાપતિ દધિવાહન ઉપર નહીં જેવા વાંકે, એની રાજ્યમાં ગેરહાજરી ટાણે હલ્લો લઇ ગયા એ શું વ્યાજબી હતું ? મારી સગી બ્હેન પદ્માવતી ગર્ભિણી અવસ્થામાં અદૃશ્ય થવાથી અને ઘણી શોધખોળ કર્યા છતાં પત્તો ન લાગવાથી તે શૂન્ય મનસ્ક બની ગયો હતો. એમાં ધારિણી જેવી સુશીલ પત્ની પ્રાપ્ત થવાથી પુનઃ રાજકારણમાં રસ લેતો થયો હતો. માંડ માંડ મનરૂપી નાવ ઠેકાણે આવ્યું હતું ત્યાં તમોએ જમીન જીતવાનો ધડાકો કર્યો. રાણી કે તેની ગભરૂ બાળાનો પત્તો સરખો નથી ! આ દુઃખથી મારા એ બનેવીના મનની કેવી સ્થિતિ થઇ હશે ? એનો ખ્યાલ તે વેળા તમને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શાંતિ

લેખકઃ—અમરચંદ માવજી શાહ

શાંતિ-કેવો અંતરપ્રિય કર્ણમધુર સૌખ્યદર્શક શબ્દ જેનાં માટે સમસ્ત જીવો સમયે સમયે પ્રયાસ કરી રહ્યા છે, જેની ઝંખના કરી રહ્યા છે. જે પ્રાપ્ત કરવા માટે અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કરી રહ્યા છે એ શાંતિ કયાં હશે? કયાંથી આવતી હશે? કેમ મળતી હશે? એની ગમ ભાગ્યે જ હશે. આરોગ્યમય સુંદર શરીર, ધન ધાન્યાદિની રિદ્ધિ-સિદ્ધિ, પુત્ર-મિત્રાદિની તેમજ સુંદર સ્ત્રીઓની પ્રાપ્તિ ખાવા-પીવાનાં, પહેરવા-ઓઢવાનાં, રહેવા-વસવાનાં સાધનો, બાગ-બગીચા, મહેલ સુંદર-વસ્તુઓ આવા દુન્યવી અનેક બાહ્ય-સાધનોની પ્રાપ્તિમાં જ જાણે શાંતિ છુપાયેલી હોય તેમ સૌકોઇ માને છે અને તે પ્રાપ્ત કરવા પ્રયાસ કરે છે. ઘણાયને આમાંની ઘણી ઘણી સામગ્રીઓ પ્રાપ્ત થાય છે. અને એમાં જાણે પોતાને શાંતિ મળી હોય તેવો ભાસ થાય છે-ઘણાયને એવા સાધનો પ્રાપ્ત નથી થતાં તો તે બાબતમાં અનેક પ્રકારનો ઊહાપોહ કરે છે, ખેદ કરે છે અને ઝાંવા નાંખે છે. કોઇ એકાદ વસ્તુની પ્રાપ્તિ થાય તો તેમાં તલ્લીન બને છે. અભિમાન કરે છે. પ્રાપ્ત થયેલી સામગ્રીમાં ન્યૂનતા થઇ જાય છે તો પાછો ઉદાસ બની જાય છે, દુઃખમાં ડૂબી જાય છે-આમ અનેક પ્રકારે-શાંતિના નામે બાહ્ય-પરિગ્રહમાં અટવાઇ અનેક પ્રકારનાં સંકલ્પ-વિકલ્પની જાળમાં ફસાય છે. જેમ જેમ બાહ્ય વસ્તુઓ પ્રાપ્ત થાય છે તેમ તેમ પાછો લોભ વધતો જાય છે-એટલે અસંતોષની આગ ફેલાઇ જાય છે અને ચિત્તગૃહમાં ધુંધવાટ થાય છે. ચિત્ત અશાંત બની જાય છે. કયાંય ચેન પડતું નથી અને અનેક પ્રકારનાં પાપકાર્યો કરવા તરફ વૃત્તિઓનાં ઘોડાઓ દોડવા માંડે છે. જ્યોતિષીઓ પાસે જોષ જોવરાવે છે. લડાઇઓમાં બ્યુગલો ફુંકે છે, સટ્ટા-જુગાર-પરદારા કુદૃષ્ટિ-આદિ અનેક પ્રકારે આ પામર જીવ શાંતિ પ્રાપ્ત કરવા અશાંતિનાં ઇંધનો નાખે છે. પરિણામે તેને શાંતિને બદલે અશાંતિનાં દર્શન થાય છે-બહારથી શાંતિનો સુખનો દેખાવ વધવા છતાં અંતરથી લ્હાય બળતી હોય છે. આવું સ્વરૂપ અનેકનાં જીવનમાં રોજ રોજ આપણને દૃષ્ટિગોચર થાય છે-ઘણી વખત સુખનાં સાધનો પ્રાપ્ત હોવા છતાં ભોગવી શકાતાં નથી, અનેક અંતરાયો નડે છે. શાંતિથી બેસી શકાતું નથી. શાંતિથી જીવી શકાતું નથી. ડામાડોળ સ્થિતિ ચિત્તની રહે છે. સુખ કયાં? ના એક પદમાં મેં લખ્યું છે કે—

**ધનવાનને પણ સુખી ન દેખ્યો,**
**રાજા દુઃખી અપાર રે;**
**ગરીબને તવંગર બનવું,**
**મમતા તણો વિસ્તાર રે.**

કયાં સુખ દેખ્યું? આ સંસારમાં જ્યાં જોઉં ત્યાં દુઃખ દુઃખ ને દુઃખ. આવી સ્થિતિ વચ્ચે મનુષ્ય પ્રાણી-

---

ક્યાંથી આવે! મારી સલાહ તમે માની હતી ખરી? નારીના હૃદયમાં રમતું વાત્સલ્ય પુરુષજાતિથી કદી સમજાવાનું નથી. ભલે અમારા આ ગુણને તમો પુરુષ વર્ગ નબળાઇમાં મૂકો, પણ **જ્ઞાનીભગવંતોને** ત્યાં એની નોંધ લેવાની છે. ઓગણીશમા તીર્થપતિનું ઉદાહરણ નજર સામે છે. દીક્ષાના દિવસે જ કૈવલ્ય; પરિષહ-ઉપસર્ગનું નામ નહીં. અમારે સાતમી નારકીનો દરવાજો પણ જોવાનો નહીં! સતીઓનો ઇતિહાસ ઉજ્વળ રહેવાનો.

ત્હેં તો કોઇ જૂદી જ દિશાએ મારી ચિંતાનું વહેણ વાળી દીધું.

નાથ! એમાં વળી ચિંતા કરવાની હોય ખરી? અને એના જવાબ પણ ન જ હોય. '**मौनं सर्वार्थसाधनम्**' એ મંત્ર ગોખી રાખવો. તમો તમારે નિશ્ચિંત રહો. કદાચ યુદ્ધની ભેરી ગાજશે ત્યારે આ મૃગાવતી જોઇ લેશે.

—મોહનલાલ દીપચંદ ચોકસી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ મમતાનાં પ્રતાપે સમતાનું સાચું સુખ પ્રાપ્ત કરી શકતા નથી અને દુઃખનાં સાગરમાં ગળકા ખાધા કરે છે. શાંતિ પ્રાપ્ત કરવાનું ખરું સાધન સંતોષ છે. સંતોષ પ્રાપ્ત થાય તો રહેજે ચિત્ત શાંત રહે. સંતોષ જ્યારે સમતા આવે ત્યારે થાય. સમતા એટલે દરેક સ્થિતિમાં ચિત્ત ઉપર કાબૂ રહે, સુખદુઃખના પ્રસંગમાં તેને પાપ-પુન્યનું ફળ સમજી હર્ષ-શોક કર્યા વગર સહજ ભાવે સમતોલપણું જાળવવું તેનું નામ સમતા. આ સમતા વૈરાગ્ય આવ્યા વગર મમતા છૂટે નહિં અને મમતા ન છૂટે ત્યાં સુધી સમતાને અવકાશ મળે નહિં, વૈરાગ્ય આવવા માટે સમ્યગ્જ્ઞાનની જરૂર પડે છે. શ્રુતજ્ઞાનનાં અભ્યાસ દ્વારા સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એ શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરવા માટે સદ્‌ગુરુઓની આવશ્યકતા છે. સદ્‌ગુરુઓ દ્વારા આપણને જડ ચેતનનું ભેદજ્ઞાન તેઓ દર્શાવે છે. જગતની વિચિત્રતા, કર્મની વિચિત્રતા જન્મ-જરા-મરણનાં દુઃખો વિગેરે દર્શાવી આત્માનું સ્વતંત્ર અનંત સુખમય સ્વરૂપ દર્શાવી જ્ઞાન અને જ્ઞેયોનો પરસ્પર સંબંધ દર્શાવી સમ્યગ્દર્શનવડે શ્રદ્ધા કરાવી, સહજ રીતે આત્માને જડ ભાવો પ્રત્યે વૈરાગ્ય થાય તેવું જ્ઞાનનું ઝરણું વહાવે છે. અધ્યાત્મ ભાવનામાં આત્મા રંગાય છે એટલે તે ત્યાગ તરફ વળે છે. ત્યાગભાવના આવતા રાગ ભાવનું જોર નરમ પડતું જાય છે. રાગ ઘટતાં દ્વેષભાવ પણ ઘટે છે. આ રીતે ઉપશમભાવ વધતા વધતા ચિત્તમાં સ્થિરતા થતી જાય છે. ચિત્તની સ્થિરતા થાય એટલે સહજ શાંતિનાં દર્શન થાય.

શાંતિ પ્રાપ્ત કરવા માટે અંતરમાં નિર્મળતા, નિઃશંકતા, નિશ્ચિતતા, નિર્ભયતા, નિર્વિકારતા, નિઃસહતા, નિર્મોહતા અને નિર્વિકલ્પતા પ્રાપ્ત કરવી જોઇએ. નિર્વિકલ્પનાનો અભ્યાસ થતાં સંકલ્પવિકલ્પનાં જાળાઓ ઉખડવા માંડે છે. જ્યાં સુધી ચિત્તમાં અનેક પ્રકારનાં સાંસારિક તૃષ્ણાઓનાં આસકિતનાં પરવસ્તુ પ્રાપ્ત કરવાનાં સંકલ્પવિકલ્પો થયા કરે છે અને તેને માટે મન-વચન-કાયાનાં યોગો તે પ્રાપ્ત કરવા દોડધામ કરે છે ત્યાં સુધી નિર્વિકલ્પતા થાય નહિં. નિર્વિકલ્પતા પ્રાપ્ત કરવી એ કાંઇ સામાન્ય બાબત નથી કારણ કે અનાદિ કાળથી આ આત્મા અજ્ઞાન યોગમાં રમણ ને ભ્રમણ કરી રહ્યો છે. અનંતાનંત આશાઓનાં કિલ્લાઓ તેણે બાંધ્યાં છે. પ્રાપ્તસ્થિતિમાં તેને સંતોષ થતો નથી. વધુ ને વધુ સુંદર પૌદ્‌ગલિક સુખ પ્રાપ્ત કરવાની તેના દિલમાં આશા રહ્યા કરે છે. એ આશા ને તૃષ્ણાના પ્રવાહમાં અવળી દિશાએ તેનું વહાણુ સંસાર તોફાનમાં ચડી ગયું છે કે તેને જ્યાં ત્યાં ભેખડો ટેકરાઓ જ વચ્ચે આવે છે અને અનેક વખત એ આશાઓનાં ભુક્કા બોલાવી દે છે અને તેથી નિરાશાનાં ઊંડા સાગરમાં ગરકાવ થઇ જાય છે. તૃષ્ણાનાં તોફાન કાંઇ શમતાં નથી. ફરી પાછો એ જ રીતે ચાલે છે અને દુઃખને આમંત્રે છે.

ત્યારે હવે કરવું શું? એવો પ્રશ્ન થાય છે-શાંતિ પ્રાપ્ત કરવાનાં દરેક-બાહ્ય પ્રયાસો રાજ્ય-ચક્રવર્તી-દેવતાઇ વિગેરે પદો પ્રાપ્ત થયા છતાં કયાંઇ શાંતિ તો મળી નહિં. એટલે શાંતિ એ કોઇ-જુદી જ વસ્તુ છે. એ વસ્તુ બહારથી નથી પણ અંતરની સમતામાં છે-તેમાં તું એક વખત ડુબકી માર અને તે શાંતિ દેવીનાં તને દર્શન થશે. તારી માનસિક ભૂમિકાને પ્રથમ શુદ્ધ કર. મનથી જ આ બધી ધાંધલ મચી છે એ મનનો કાબૂ મેળવવા માટે-તારે કટિબદ્ધ થવું જોઇએ જ્યાં સુધી મનનો કાબૂ તને પ્રાપ્ત નહિં થાય ત્યાં સુધી તું જીતી શકીશ નહિ. તેં સાંસારિક સુખ પ્રાપ્ત કરવા માટે અનેક જંગો ખેલ્યા-અનેક સાહસો ખેડ્યા. પણ તે સૌ નિષ્ફળતામાં પરિણમ્યા. તારે ખરો જંગ તો તારા મન સાથે જ ખેલવાનો. બાકી છે એ તું ખેલ્યો નથી. તારા આત્માને એક વખત મનથી છૂટો પાડી અને તારા એ ચિદ્‌ઘન સ્વરૂપ પરમાત્માનાં દર્શન કર અને તને એક અપૂર્વ આનંદ અને શાંતિનાં દર્શન થશે. મનથી છૂટા પડવાનો ઉપાય બહુ જ સ્હેલો છે પણ એટલો જ મુશ્કેલીવાળો છે. તેને માટે જ્ઞાન-વૈરાગ્ય-ભાવના-ધ્યાન સમન્વય-અને વૃત્તિઓ ઉપરનો કાબૂ મેળવવા તીવ્ર અભ્યાસની જરૂર છે.

હું એક આનંદમય આત્મા જ છું અને આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મન-વચન-કાયા વગેરે મારાથી પર છે. મારે તેનાથી કોઇ સંબંધ નથી. મન ગમે ત્યાં જાય પણ જો આત્મા તેને પ્રેરણા કરવાનું બંધ કરે, આત્મા આત્મભાવે ટકીને સ્થિર રહે-મનનો વેગ જ્યાં સુધી તેને બળ મળ્યું હશે ત્યાં સુધી જઇને અટકી જશે. પ્રેરણા કરનાર પાછળ નહિં હોય તો તે જડ મન આપોઆપ વિલય પામી જશે. જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી જ મન છે. જ્યાં મોહભાવ શમી ગયો-વૈરાગ્ય રંગમાં રંગાઇ ગયો, દરેક સ્થિતિમાં સમતા ને સ્થિરતામાં અટકી ગયો ત્યાં મોહ રાગ આદિનું જોર નરમ પડી જાય એટલે મનને વિહરવાની પાંખો છેદાઇ જાય, તેનું ઉડ્ડયન બંધ થઇ જાય એટલે આપોઆપ શાંત થઈ જાય, મન શાંત થતાં ઇન્દ્રિયો પણ જે વિષયોમાં રમવા માટે દોડાદોડ કરતી હતી તે જેમ નાચનારાના તાલ વચ્ચેથી તાલ બંધ કરી દેતાં આપોઆપ નાચ અટકી જાય તેમ મનની પ્રેરણા તૂટી પડતાં ઇન્દ્રિયો શિથિલ થઇ જાય. વિષયોનું કષાયોનું શમન થઇ જાય, સહજ ઉદાસીનભાવ થઇ જાય અને આત્મા આત્મામાં આત્માવડે અનંત શાંતિમાં લીન થઇ જાય. ત્યારે તેને સાચી શાંતિનાં દર્શન થાય. આ શાંતિ પ્રાપ્ત કરવા માટે જ દરેક સંત-યોગી પુરુષોની સાધના હોય છે. આવી ચિરશાંતિ પ્રાપ્ત કરવી એ જ કર્તવ્યરૂપ છે,

આ માટે દરેક સમયે સમયનો ઉપયોગ કેળવવો જોઇએ. ઉપયોગમાં રહેવા માટે ખૂબ જ સંયમની જરૂર છે. અહિંસા, સત્ય આદિ નિયમોમાં પ્રથમ ભૂમિકામાં આવવા માટે ખૂબ જ આવશ્યકતા છે. જ્યાં સંયમ આવે છે ત્યાં સંવર ભાવ વધે છે. જ્યાં સંવરભાવ આવે છે ત્યાં સકામ નિર્જરા ચાલુ હોય છે. જ્યાં નિર્જરા થાય છે ત્યાં કર્મનો ક્ષય થાય છે એ તપથી શાંતિ પ્રાપ્ત થાય છે. બંધનો આ રીતે ક્ષય થતાં આત્મા શુદ્ધ થવા માંડે છે. બીજી બાજુ ઉપશમવડે હર્ષ-શોક-રાગ-દ્વેષ-સંકલ્પ-વિકલ્પ દબાતા જાય છે. સત્ ચિદાનંદસ્વરૂપ અહં વીતરાગ સ્વરૂપ નિર્વિકલ્પ શાંતિ સ્વરૂપમાં સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની સ્થિરતા થાય છે. એક અખંડ જ્ઞાનની ધારા વહેવા માંડે છે.

સંસારમાં ઐહિક સુખશાંતિની શોધ કરનારાઓ અંતે અશાંતિને જ પ્રાપ્ત કરે છે જ્યારે અલૌકિક શાંતિનાં ચાહકો આ રીતે સવળી સમજણપૂર્વકની અંતરમાં લડાઇ કરીને ક્રોધ-મોહ-મદ-લોભ આદિનો વિજય કરીને પોતાની વાસ્તવિક શાંતિને પ્રાપ્ત કરી કાયમી સુખ પ્રાપ્ત કરે છે.

આપણે ક્ષણે ક્ષણે વૃત્તિઓ ઉપર વિજય મેળવવા કટિબદ્ધ થવું જોઇએ. વૃત્તિઓનો જય એ જ ખરો પુરુષાર્થ છે. આપણે આપણી શક્તિનો સદુપયોગ કરવાનું લક્ષ રાખવું જોઇએ. આપણી અનંતી શક્તિને આપણે બાહ્ય પ્રપંચમાં વેડફી નાખવી નહિં જોઇએ. આપણે સદ્ગુરુ સતશાસ્ત્રોનો સત્સંગ પરિચય કાયમ રાખવો જોઇએ. સદ્વિચારોનું બળ કેળવવું જોઇએ. વાણીમાં વિમળતા લાવવી જોઇએ, કાયાને સંયમમાં રાખવી જોઇએ. ખાવું, પીવું, પહેરવું, ઓઢવું, સુવું, બેસવું એ બધું આ દેહરક્ષણનાં સાધનો છે. તેમાં આસક્તિ ન રાખવી, માત્ર સંયમ હેતુથી એ વસ્તુઓનું ઉપયોગથી ગ્રહણ કરવું. શાંતિ એ તારા હાથની જ વસ્તુ છે. તારી શાંતિ તારા પોતાના પુરુષાર્થવડે પ્રાપ્ત થવાની છે. તને કોઈ શાંતિ આપવા સમર્થ નથી, તું સુખી હોઈશ તો તારી ઇર્ષા કરનારા નીકળશે, તું દુઃખી હોઇશ તો તારો ખરખરો કરનારા મળશે પણ કોઇ તારું સુખ, દુઃખ ભાંગવા સમર્થ નથી. તારા શુભાશુભ પરિણામ ઉપર જ તારા સુખ દુઃખનો આધાર છે, માટે તારા પરિણામની શુદ્ધિ કર. તારે સંકલ્પવિકલ્પની જાળથી બચવું હોય, હૃદયને શાંત કરવું હોય, તો તારે પળે પળે ૐ શાંતિનું ધ્યાન ધરવું. સંકલ્પ વિકલ્પને ન થવા દેવા. થાય તો ૐ શાંતિવડે ઉપશમાવી દેવા. સોઽહં એ જ તારું સ્વરૂપ છે. તું તારા આત્મામાં સમાઇ જા. તેનું જ ધ્યાન કર અને તેને પ્રાપ્ત કર. આ તારી અપૂર્વ સિદ્ધિનો તું સ્વયં સાક્ષાત્કાર કર ને શાંતિ પ્રાપ્ત કર. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

## આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીનો પ્રથમ જયન્તી મહોત્સવ

સ્વ. પંજાબકેસરી આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો પ્રથમ જયન્તી મહોત્સવ પાટણખાતે આચાર્ય વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં સારી રીતે ઉજવવામાં આવ્યો.

તા. ૯-૧૦-૫૫ રવિવારે સ્વ. ગુરુદેવની છબી એક બગીમાં બિરાજમાન કરી સાગરના ઉપાશ્રયેથી એક ઝુલુસ ધામધૂમથી કાઢવામાં આવેલ. વરકાણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ભજનની ધૂમ મચાવી હતી. ઝુલુસ શહેરમાં ફરીને પંચાસરા આવતાં પંજાબી ગ્યાલચંદ રસ્સારામ તરફથી બંધાવેલ મંડપમાં સૌ સભાના આકારે ગોઠવાયા હતા, જ્યાં ભજનો ગવાયા બાદ સૂરિજીએ મંગળ-ઉપદેશ આપ્યો હતો. બપોરના રાગરાગણીપૂર્વક પૂજા ભણાવવામાં આવેલ.

તા. ૧૦ મી સોમવારે આ. વિજયસમુદ્રસૂરિજીની અધ્યક્ષતામાં સાગરના ઉપાશ્રયે જાહેર સભા મળતા શ્રી કે. એસ. વ્યાસ, પં. રામકિશોરજી, મુનિશ્રી જનકવિજયજી, મુનિ બળવંતવિ. મુનિ વિનીતવિ. મુનિ ન્યાયવિ. મુનિ વિશારદવિ. મુનિ શ્રી ઇન્દ્રવિજય ગણિવર્ય તથા સૂરિજીએ ગુરુદેવના જીવનપ્રસંગો પર વિવેચનો કર્યા હતા. બપોરના બ્હેનોએ પૂજા ભણાવેલ અને રાત્રે નાટક આદિ રંજન કાર્યક્રમ રજુ કરવામાં આવેલ.

તા. ૧૧ મો મંગળવારે પંચાસરાખાતે ખાસ મંડપમાં સભા રાખવામાં આવેલ જયારે શ્રી રસીકલાલ જાની, શ્રી કાન્તીલાલ પુનમચંદ, શ્રી કુંદનમલ નવીનચંદ્ર, શ્રી મહાવીરચંદ્ર, શ્રી નટુભાઈ, શ્રી કેશુભાઈ, પં. શીવલાલભાઇ, શ્રી મોહનલાલ દી. ચોકસી તથા સુરિજી આદિએ સમયોચિત પ્રવચનો કર્યા હતા. બપોરના પૂજા અને રાત્રે ભાવના રાખવામાં આવેલ.

બી. ભા. વ. ૧૩ ના વરકાણા મંડળ ચારૂપ તીર્થની યાત્રાએ ગએલ. ત્યાં પૂજા, ભાવના તથા સંસ્થાના વિદ્યાર્થીઓ તથા માસ્તરને ચંદ્રકો આદિ આપવાનો સમારંભ યોજવામાં આવેલ.

વ. ૧૪ ના સાગરના ઉપાશ્રયે સૂરિજીની નિશ્રામાં વરકાણા વિદ્યાર્થીઓએ ભજનો રજૂ કર્યા, ભણસાલી સંપતરાયજીએ વરકાણા વિદ્યાલયના ક્રમિક વિકાસનો ઇતિહાસ રજુ કર્યો. સૂરિજીને મારવાડ તરફ પધારવા વિનતી કરી તેના જવાબમાં સૂરિજીએ જણાવ્યું કે-મારી ભાવના પંજાબ સંભાળી લેવાની છે, પરંતુ બીકાનેરવાળા શ્રી પ્રેમચંદજી કોચર તરફથી પાલીતાણાખાતે જે ભવ્ય જિનાલય અને ગુરુમંદિર તૈયાર કરવામાં આવેલ છે તેની પ્રતિષ્ઠા માટે ખૂબ આગ્રહ હોવાથી મારે ત્યાં જવું પડશે. અને ત્યાંથી મારવાડ તરફ આવતું ચોમાસું કરવાની મારી ભાવના છે.

છેવટ પરસ્પર આભારવિધિ કરી સૌ વિખરાયા હતા.

પૂ. સ્વ. આચાર્યદેવની જયન્તી મુંબઈ, પુના, પાલીતાણા આદિ ઘણાં સ્થળોએ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવેલ.

### જયંતી નિમિત્તે પૂજા

આ. વિજયકમળસૂરીશ્વરજી મહારાજની જયન્તી આસો શુદિ ૧૦ ના રોજ સભા તરફથી ઉજવવામાં આવતાં શહેરના મોટા દેરાસરજીમાં રાગરાગણીપૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી.

---

# સ્વીકાર-સમાલોચના

**મહા પંથનો યાત્રી**-લેખકઃ-મુનિવર્ય શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજ. સંયોજક મુનિ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ. પ્રકાશકઃ શ્રી વિજયદાનસૂરીશ્વરજી જૈન ગ્રંથમાલા ગોપીપુરા-સુરત. ક્રાઉન ૧૬ પેજી પૃષ્ઠ ૨૫૦ મૂલ્ય. ૨-૪-૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



–સ્વ. આચાર્ય વિજયદાનસૂરીશ્વરજી મહારાજશ્રીની જીવનરેખા, તેઓશ્રીનો શિષ્યરત્નોની સળંગ યાદી વગેરે સંગ્રહ આ પુસ્તકમાં રજૂ કરવામાં આવ્યો છે. વધુમાં પ્રાસંગિક ચિત્રો પણ રજુ કરવામાં આવ્યા છે. આમ સારૂંએ પુસ્તક આ. દાનસૂરીશ્વરજી મહારાજનો સુંદર પરિચય કરાવે છે.

પૂ. વિજયાનંદસૂરીશ્વરજીના પટ્ટાલંકાર કે વડોદરા સંમેલન વગેરે વિવાદાત્મક પ્રશ્નોથી આવા ચરિત્રોને નિરાળા રાખવામાં આવ્યા હોત તો વધુ સારું હતું.

એકંદર લેખકની લેખનશૈલિ સુંદર છે તેમ પુસ્તકનું સુશોભન પણ મનોહર છે.

**શ્રી પ્રવચન પ્રદીપ**–ભા. ૧ તથા ભાગ ૨ લેખક મુનિરાજ શ્રી કલ્યાણપ્રભવિજયજી મહારાજ. પ્રકાશક શા. કાન્તિલાલ છોટાલાલ સમદડીવાળા–મીયાગામ કરજણ. ક્રા. ૧૬ પેજી પૃષ્ઠ અનુક્રમે ૧૪૦–૧૭૬. મૂલ્ય રૂા. ૧)

બાળજીવો બોધ પામી શકે તેવા ઉદ્દેશથી ગુજરાતી સરળ ભાષામાં પ્રવચનો તૈયાર કરી આ બન્ને પુસ્તિકામાં રજૂ કરવામાં આવ્યા છે. પ્રથમ ભાગમાં શ્રુતજ્ઞાન અને સંયમ ઉપર ચાર અને બીજા ભાગમાં માનવભવના છ ફળો, વૈયાવચ્ચ, સત્વાનુકંપા, સુપાત્રદાન અને ગુણાનુરાગ એમ પાંચ પ્રવચનો આપવામાં આવ્યા છે.

**મહાવીર દેવનો ગૃહસ્થાશ્રમ**:–અનુવાદક : ન્યા. ન્યા. મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ.

શ્રી સત્યભક્તજીએ "મહાવીર કા અન્તસ્તલ" નામનું લગભગ ૩૭૫ પૃષ્ઠનું પુસ્તક રચ્યું છે. જેમાં ભગવાન મહાવીરનું જીવન–ચિત્રણ રજુ કર્યું છે. ચિત્રણમાં કલ્પનાઓનો સંભાર ખૂબ છે. પ્રાચીન શાસ્ત્રોમાં ઉલ્લિખિત મળે છે તે તમામ હકીકત આમાં રજુ કરવામાં આવી છે. વધુમાં ભગવાન મહાવીરના મનોમંથનનો રંગ પણ જ્યાં જ્યાં જરૂર લાગી ત્યાં લેખકે પોતાની પ્રજ્ઞાશક્તિથી પુરેલ છે. આ પુસ્તકમાંથી શરૂઆતના ૭૨ પૃષ્ઠોનો અનુવાદ ૮૫ પાનાની આ નાની પુસ્તિકામાં અત્રે રજૂ કરવામાં આવ્યો છે. અને માંડલના જૈનોની આર્થિક મદદથી તે પ્રકાશિત કરવામાં આવેલ છે.

**આપણું મૂળ ધ્યેય**:–વ્યાખ્યાતા: ન્યા. ન્યા. શ્રી ન્યાયવિજયજી મહારાજ, પ્રકાશક શ્રી હેમચંદ્રાચાર્ય જૈનસભા–પાટણ. ક્રા. ૧૬ પૃષ્ઠ ૧૬.

દિવ્યજીવન સંઘ–પાટણ શાખાના વાર્ષિક ઉત્સવ પ્રસંગે ન્યા. ન્યા. મુનિ ન્યાયવિજયજી મહારાજે 'જીવન–વિકાસ'ના માર્ગો દર્શાવતું એક પ્રવચન આપેલ તે થોડા વિસ્તાર સાથે અત્રે રજૂ કરવામાં આવેલ છે. ધનતૃષ્ણા અને કામાસક્તિ પર યોગ્ય અંકુશ મૂકવાથી માનવ માત્ર પોતાના જીવનવિકાસના ધ્યેયને કેવી રીતે પહોંચી વળે છે. તે વસ્તુ ઘણી સુંદર રીતે આ લઘુ પુસ્તિકામાં રજૂ કરવામાં આવેલ છે.

**હોલિકા વ્યાખ્યાન**—લેખક આચાર્ય શ્રીમદ્ વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ. પ્રકાશક શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા–લાખાબાવળ (જામનગર) ક્રા. ૧૬ પૃષ્ઠ ૧૬ મૂલ્ય ૩ આના.

હોલિકા પર્વમાં જે મિથ્યાદ્રષ્ટિ રહેલી છે, તેનું રહસ્ય હોલિકાની આ કથામાં રજૂ કરવામાં આવેલ છે.

**મહાત્મા શ્રી મત્સ્યોદર**:—લેખક પ્રકાશક ઉપર મુજબ ક્રા. ૧૬ પેજી પૃષ્ઠ ૬૦ મૂલ્ય છ આના.

નિરંતર સુખ જોઇતું હોય તો તે ધર્મપરાયણ જીવનમાંથી મળી રહે છે તે વસ્તુનું રહસ્ય સમજાવતી મહાત્મા શ્રી મત્સ્યોદરની કથા આ પુસ્તિકામાં રજૂ કરવામાં આવેલ છે.

**પં. શ્રી શિવાનંદવિજયજી ગણિવર્યનું સંક્ષિપ્ત જીવનચરિત્ર**—સયોજક સાહિત્યપ્રેમી મુનિવર્ય શ્રી નિરંજનવિજયજી મહારાજ. પ્રકાશક જસવંતરાય ગિરધરલાલ શાહ ૧૨૩૮, રૂપાસુરચંદની પોળ–અમદાવાદ.

આચાર્ય વિજયનંદનસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પં. શ્રી શિવાનંદજી ગણિવર્ય જેઓ અમદાવાદખાતે સં. ૨૦૧૧ ના ચૈત્ર વ. ૪ ના કાળધર્મ પામ્યા છે. તેઓશ્રીનું ટૂંક જીવનચરિત્ર ૨૦ પાનામાં અત્રે રજૂ કરવામાં આવ્યું છે.

**આવશ્યક મુક્તાવલી**—સંપાદક મુનિવર્ય શ્રી મહિમાવિજયજી મહારાજ. પ્રકાશક:–મહેતા કાન્તિલાલ રાયચંદભાઇ સાણંદ ક્રા. ૧૬ પેજી પૃષ્ઠ ૬૭૨ મૂલ્ય ભેટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્તુતિઓ, ચૈત્યવંદનો, સ્તવનો, સજ્ઝાયો, ગહુંલીઓ, પંચ પ્રતિક્રમણ, નવસ્મરણાદિ સ્તોત્રો, વિધિવિધાનો, દેવવંદનો, સાધુસાધ્વી માટે આવશ્યક ક્રિયાનાં સૂત્રો, મંત્રો અને અનેક ભણવાલાયક વસ્તુઓનો ઘણો ઉપયોગી સંગ્રહ પોણા સાત સો પૃષ્ઠના આ દળદાર ગ્રંથમાં જુદા જુદા પચ્ચીશ ખંડોમાં રજુ કરવામાં આવ્યો છે. ગ્રંથનો સંગ્રહ જોતા શ્રાવક કે સાધુવર્ગને માટે આ એક એવું પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે કે તેમાં નિત્ય આવશ્યક એવી તમામ સામગ્રી આવી જાય છે એટલે જુદા જુદા પુસ્તકો સાથે રાખવાની જરૂર રહેતી નથી.

પૂ. મુનિવર્ય શ્રી મહિમાવિજયજી મહારાજના ૨૫ વર્ષની દીક્ષાપર્યાયની મંગળ યાત્રાની સ્મૃતિરૂપે આ ગ્રંથ લીંબડીવાળા શ્રી છોટુભાઇ બકરીએ ગુરુભક્તિ નિમિત્તે પ્રગટ કર્યો છે અને સદુપયોગ માટે તે ભેટ આપવામાં આવે છે.

સુવિખ્યાત તીર્થસ્થાનો અને શ્રી સરસ્વતી દેવી આદિના સુરમ્ય ચિત્રોથી સુશોભિત કેલેન્ડરો તૈયાર કરાવી પ્રતિવર્ષ સમાજ સમક્ષ લલિત બધસંવાળા શ્રી છોટુભાઇ મૂકી રહ્યા છે તે વાત સુવિદિત છે. આ તમામ કેલેન્ડરોમાં તેઓશ્રીનો કળાપ્રેમ અને તીર્થભક્તિ ટપકે છે તેમ આ ગ્રંથને પણ પોતાના કળાપ્રેમથી શણગારવામાં આવેલ છે.

ફોટોગ્રાફીની શૈલિએ ગ્રંથનું જેકેટ ઘણી સુંદર રીતે તૈયાર કરવામાં આવેલ છે તેમજ બીજા થોડા ફોટાઓ પણ ફોટોગ્રાફી શૈલિએ તૈયાર કરીને આમાં મૂકવામાં આવ્યા છે તે આ ગ્રંથના સુશોભનની ખાસ વિશિષ્ટતા છે.

સારોએ સંગ્રહ ખૂબ ચીવટપૂર્વક કરવામાં આવ્યો છે. અને ઘણા ઉપયોગી વિષયો તેમાં દાખલ કરવામાં આવ્યા છે. ત્યારે સહજ ભાવે એમ લાગે છે કે સ્તવનો, ચૈત્યવંદનો આદિ સંગ્રહ થોડો વિસ્તારીને તેમાં પૂર્વાચાર્યોની લોકપ્રિય કૃતિઓનો થોડો વધુ સમાવેશ કરવામાં આવ્યો હોત તો તે વધુ આવકારદાયક બનત કારણ ઘણા અર્થગંભીર અને અતિ પ્રચલિત સ્તવન, સજ્ઝાયો આદિ આમાં રજૂ થઇ શકયા નથી.

આવા દળદાર કિંમતી ગ્રંથની ત્રણ હજાર કોપી ઉદાર ભાવે ભેટ આપવાનો તેના પ્રકાશકે જે પ્રબંધ કાર્યો છે તે બદલ અભિનંદન આપતા ઇચ્છીએ કે બધી જીવો આ ગ્રંથનો યોગ્ય લાભ ઉઠાવે.

**મહેન્દ્ર જૈન પંચાંગ—સંપાદકઃ-મુનિવર્ય શ્રી** વિકાસવિજયજી મહારાજ. પ્રકાશક શ્રી જગજીવન શીવલાલ શાહ ૧૨૨ એ. ફીકાસ્ટ્રીટ–મુંબઇ ૪. મૂલ્ય આઠ આના.

મુનિવર્ય શ્રી વિકાસવિજયજી મહારાજ જ્યોતિષના સૂક્ષ્મ ગણિતથી જૈન પંચાંગ છેલ્લા કેટલાક વરસોથી પ્રગટ કરી રહ્યા છે અને તેઓશ્રીના જ્યોતિષ વિષયક જ્ઞાન માટે જૈન–જૈનેતર વર્ગમાં સારો આદર વધતો આવે છે. સામાન્ય રીતે જ્યોતિષનું અપૂર્વ પ્રાચીન સાહિત્ય આપણી પાસે હોવા છતાં આપણે જૈન પંચાંગ તૈયાર કરવામાં સામાન્યતઃ ઉપેક્ષાવૃત્તિ કેળવતા આવ્યા છીએ. આવા સમયે મુનિશ્રી વિકાસવિજયજીની જૈન પંચાંગ માટેની સેવા ઓછી આદરપાત્ર ન ગણાય. વધારે ખુશ થવા જેવું એ છે પંચાગોની દુનિયામાં આ પંચાંગનો આધાર ઘણા ય પ્રમાણભૂત પ્રતિષ્ઠિત પંચાંગ સંપાદકો પણ લઇ રહ્યા છે અને બા. ભદ્રાચાર્ય જેવા જ્યોતિર્વિનિષ્ણાતો પણ આ પંચાંગને પ્રેમપૂર્વક આવકારી રહ્યા છે.

જૈન પંચાંગ તૈયાર કરવાની મુનિશ્રી વિકાસવિજયજી મહારાજે શરુ કરેલ યોજનાને જૈનસમાજે જેટલા ઉત્સાહપૂર્વક અપનાવવી જોઇએ તેટલા પ્રમાણમાં અપનાવી નથી, તે આપણા માટે એક વિચારણીય પ્રશ્ન છે.

પ્રતિવર્ષ પંચાંગમાં સૂક્ષ્મ ગણિતનો વિભાગ ઉમેરવામાં આવે છે તેમ પંચાંગને રસમય બનાવવા માટે આ વખતે પણ નવું અંગ ઉમેરવામાં આવેલ છે.

આ પંચાંગનો વધુ ને વધુ આદરભાવ તેમ તેના પ્રકાશનની યોજના દીર્ઘજીવી દ્રષ્ટિએ કરવામાં આવે અને બને તેટલી સસ્તી આવૃત્તિ માટે સુયોગ્ય પ્રબંધ કરવામાં આવે તેમ અમો ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છપાય છે **જ્ઞાનપ્રદીપ ( ત્રણે ભાગ સાથે ) સંપૂર્ણ** છપાય છે

**લેખક—સદ્દગત શાંતમૂર્તિ વિદ્વાન આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ.**

જૈન-જૈનેતર અલ્પજ્ઞ દરેક મનુષ્યથી પણ સરલ રીતે સમજી શકાય, તેમજ ઉચ્ચ સંસ્કારી જીવન કેમ જીવી શકાય અને જીવનમાં આવતાં અનેક સુખ, દુઃખના પ્રસંગોએ સમચિત્ત કેવી પ્રવૃત્તિ આદરી શકાય, તેનું દિશાસૂચન કરાવનાર, અનંતકાળથી સંસારમાં રઝળતા આત્માને સાચો રાહ બતાવનાર, સન્માર્ગ, સ્વર્ગ અને મોક્ષ મેળવવા માટે અચૂક માર્ગદર્શક, કપરા વર્તમાન કાળમાં સાચું સુખ, સાચી શાંતિ આપનાર, અહિંસા અને સર્વ પ્રત્યે ભ્રાતૃભાવ ઉત્પન્ન કરાવનાર, નિરંતર પઠન-પાઠન માટે અતિ ઉપયોગી, શાસ્ત્રોના અવગાહન અને અનુભવપૂર્ણ રીતે સદ્દગત આચાર્ય મહારાજે લખેલો આ સુંદર ગ્રંથ છે. શ્રી પાલનપુર શ્રીસંઘના ઉપર આચાર્ય મહારાજે કરેલા ઉપકાર માટે ગુરુભક્તિ નિમિત્ત અને સ્મરણાર્થે થયેલા ફંડની આર્થિક સહાયવડે આ ગ્રંથ ઊંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં આકર્ષક બાઈંડીંગ સાથે અમારા તરફથી છપાય છે.

---

## ફરી નહીં છપાવવામાં આવતા બે અમૂલ્ય ગ્રંથો મળી શકશે માટે મંગાવો.

## ૧ શ્રી કલ્પસૂત્ર ( બારસા ) મૂળ પાઠ.

દર વર્ષે પર્યુષણ પર્વમાં અને સંવત્સરી દિને પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચી ચતુર્વિધ સંઘને સંભળાવે છે જેનો અપૂર્વ મહિમા છે, તે શાસ્ત્રી મોટા ટાઇપમાં પ્રતાકારે સુંદર અક્ષરોથી અને સુશોભિત પાટલીસહિત છે, જેથી પૂજ્ય મુનિમહારાજા કે જ્ઞાનભંડાર, લાઇબ્રેરી કે જૈન બંધુઓને જોઇએ તેમણે મંગાવી લેવા નમ્ર સૂચના છે. કિં. રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

**૨ સજ્ઝાયમાળા**—શાસ્ત્રી શુદ્ધ રીતે મોટા અક્ષરોથી છપાયેલ, શ્રી પૂર્વાચાર્ય-અનેક જૈન પંડિતો વિરચિત, વિવિધ વિષયક વૈરાગ્યાદિ રસોત્પાદક, આત્માને આનંદ આપનાર ૧૩મા સૈકાથી અઢારમા સૈકા સુધીમાં થઇ ગયેલા પૂજ્ય આચાર્યદેવો અને પંડિત મુનિમહારાજાએ રચેલ સજ્ઝાયનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે, કે જે વાંચતા મહાપુરુષોના ચારિત્રની ઘટના આપણી પૂર્વની જાહોજલાલી, અને વાચકને વૈરાગ્યવૃત્તિ તરફ દોરે છે. પચાસ ફોર્મ ૪૦૮ પાનાનો સુંદર કાગળો શાસ્ત્રી મોટા ટાઇપો, અને પાકા બાઈંડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત રૂા. ૪-૮-૦ પોસ્ટેજ જુદું. માત્ર જુજ કોપી સિલિકે રહી છે.

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

---

### નમ્ર સૂચના.

**બૃહત્કલ્પસૂત્ર** છઠ્ઠો ભાગ હાલમાં પ્રસિદ્ધ થયો છે, પરંતુ આગલા કેટલાક ભાગોનું વેચાણ ઘણા વખત પહેલાં થયેલું હોવાથી, છ ભાગો તૂટક થયા છે, અને છએ ભાગ પૂરતા નહિં મેળવનાર અથવા બીલકુલ નહિં મેળવનારા અનેક મુનિરાજો, જ્ઞાનભંડારો, ખપી આત્માઓના પૂરતા ભાગ મેળવવા માટે સભા ઉપર અનેક પત્રો આવવાથી, અમોએ અન્ય સ્થળેથી ખૂટતા આગલા ૨-૩-૪-૫ ભાગો મેળવીને હાલમાં થોડા આખા સેટો એકઠા કર્યાં છે, અને તેની નકલો પણ ઘણી થોડી છે, જેથી જોઇએ તેમણે મંગાવવા નમ્ર સૂચના છે. કિંમત ૨-૩-૪-૫ દરેક ભાગના પંદર, પંદર રૂપિયા અને છઠ્ઠા ભાગના સોળ રૂપિયા ( પોસ્ટેજ જુદું ). કમીશન ટકા ૧૨॥.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભાના મેમ્બર થવાથી થતો અપૂર્વ લાભ.

રૂા. ૫૦૧) રૂા. પાંચસો એક આપનાર ગૃહસ્થ સભાના પેટ્રન થઇ શકે છે. તેમને છેલ્લા પાંચ વર્ષમાં પ્રગટ થયેલા ગુજરાતી પ્રકાશનો ભેટ તરીકે મળી શકે છે.

રૂા. ૧૦૧) પહેલા વર્ગના લાઇફ મેમ્બર થનારને ચાલુ વર્ષના બધા ગુજરાતી પ્રકાશનો ભેટ મળી શકે છે અને અગાઉના વર્ષના પુસ્તકો પુરાંત હશે તે પેટ્રન તથા લાઇફ મેમ્બરોને પોણી કિંમતે મળી શકે છે.

રૂા. ૫૧) બીજા વર્ગના લાઇફ મેમ્બર. તેમને પુસ્તકની જે કિંમત હશે તેમાંથી ત્રણ રૂપિયા કમી કરી બાકીની કિંમતે આ વરસના પુસ્તકો ભેટ મળી શકશે; પણ રૂા. ૫૦) વધુ ભરી પહેલા વર્ગમાં આવનારને પહેલા વર્ગને મળતો લાભ મળશે. બીજા વર્ગમાં જ રહેનારને ત્રણ રૂપિઆની કીંમતના ભેટ મળશે.

બીજો વર્ગ બંધ કરવામાં આવેલ છે.

રૂા. ૧૦૧) ભરનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને નીચેના સાત વર્ષોમાં જે પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે તે નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| સં. ૨૦૦૩માં | શ્રી સંઘપતિ ચરિત્ર—( સચિત્ર ) | કિં. રૂા. | ૬-૮-૦ |
| | શ્રી મહાવીર ભગવાનનાં યુગની મહાદેવીઓ | ,, ,, | ૩-૮-૦ |
| સં. ૨૦૦૪માં | શ્રી વસુદેવ હિંડી ભાષાંતર | ,, ,, | ૧૫-૦-૦ |
| | શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, | ૭-૮-૦ |
| સં. ૨૦૦૫માં | શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, | ૧૩-૦-૦ |
| સં. ૨૦૦૬માં | શ્રી દમયન્તી ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, | ૬-૮-૦ |
| | જ્ઞાન પ્રદીપ ભાગ ૨ | ,, ,, | ૪-૦-૦ |
| | આદર્શ શ્રી રત્નો ભાગ ૨ | ,, ,, | ૨-૦-૦ |
| સં. ૨૦૦૭ } | શ્રી કથારત્નકોષ ભાષાન્તર ગુજરાતી ભાગ ૧ | ,, ,, | ૧૦-૦-૦ |
| ,, ૨૦૦૮ } | શ્રી તીર્થંકર ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, | ૬-૦-૦ |
| | શ્રી અનેકાન્તવાદ ( ગુજરાતી ) | ,, ,, | ૧-૦-૦ |
| | ભક્તિ ભાવના નૂતન સ્તવનાવળી | ,, ,, | ૦-૮-૦ |
| સં. ૨૦૦૯માં | શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર-સચિત્ર | ,, ,, | ૭-૮-૦ |
| | જ્ઞાન-પ્રદીપ ભાગ ત્રીજો | ,, ,, | ૨-૦-૦ |
| | નમસ્કાર મહામંત્ર | ,, ,, | ૧-૦-૦ |
| | | રૂા. | ૮૬-૦-૦ |

હવે આપવાના ભેટના પુસ્તકો નવા તૈયાર થશે ત્યાં સુધી નવા થનાર લાઇફ મેમ્બરને ઉપરોક્ત સં. ૨૦૦૯ ના ભેટના પુસ્તકો ભેટ મળશે. ૨૦૧૦-૨૦૧૧-૨૦૧૨ ના ભેટ પુસ્તકો માટે શ્રી કથારત્નકોષ ભાગ બીજો તૈયાર થાય છે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરની ફી રૂા. ૧૦૧) ભર્યેથી રૂા. ૧૩) નું શ્રી પાર્શ્વનાથ ચરિત્ર રૂા. ૭) વધુ ભર્યેથી આપવામાં આવશે. માટે પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થઈ મળતા ભેટના પુસ્તકોનો લાભ મેળવો. જૈન બંધુઓ અને બ્હેનોને પેટ્રન અને લાઇફ મેમ્બર થઇ નવા નવા સુંદર ગ્રંથો ભેટ મેળવવા નમ્ર સૂચના છે.

બાવન વરસથી પ્રગટ થતું આત્માનંદ પ્રકાશ માસિક દર માસે જિંદગી સુધી ભેટ મળશે. મેમ્બર થવામાં જેટલો વિલંબ થશે તેટલા વરસના ભેટના પુસ્તકો ગુમાવવાના રહેશે; અત્યારસુધીમાં આશરે ૭૦૦ સંખ્યા લાઇફ મેમ્બરોની થઈ છે.

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

... આત્માનંદ ... શાહ ગુલાબચંદ લલ્લુભાઈ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only